માર્ચ ૨૦૨૬

# દાદાવાણી

કુલ પાના ૪૦




થાણે ત્રિમંદિર તીર્થક્ષેત્ર

# થાણે : ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : તા.૩૦ જાન્યુઆરી થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬



વર્ષ : ૩૧, અંક : ૭
સળંગ અંક : ૩૬૭
**માર્ચ ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત : ૧૦૦૦ રૂપિયા**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૨૦૦ રૂપિયા**
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## ભવબંધનથી છૂટવા, સાંધો સુમેળ

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ની ભાવના હતી કે લોકોને વ્યવહાર ધર્મ પણ એટલો ઊંચો મળવો જોઈએ કે જેથી જીવન જીવવાની કળા સંપૂર્ણ આવડે. જેથી કરીને જીવન ક્લેશ રહિત જીવી શકે. ફેમિલી વ્યવહારમાં થતા ક્લેશ-મતભેદના આ ગૂંચાળા તમને એકલાને જ છે એમ નથી, જગતના તમામ પરિવારોમાં છે. આ વ્યવહારિક ખુલાસા કરવા તો વકીલો પૈસા લે છે ! પણ અહીં તો અમૂલ્ય ખુલાસો પ્રાપ્ત થાય એમ છે, જેનું મૂલ્ય જ ના હોય. અહીં તમારા બધા જ ખુલાસા કરી જાઓ.

ફેમિલીમાં કોઈ વાર મતભેદ તો થાય પણ મતભેદમાંથી ક્લેશ ઊભા થાય એનો વાંધો છે. પતિ-પત્ની કોને કહેવાય ? સંસાર નભાવે તેને. સંસાર તોડી નાખે એને પતિ-પત્ની કેમ કહેવાય ? આ બધું વેરથી બંધાયેલું છે, પ્રેમથી નથી. પ્રેમ તો મતભેદ પડવા જ ન દે. મતભેદનું કારણ અહંકાર છે. મતભેદ ટાળતા ના આવડ્યા તો બુદ્ધિ જ ના કહેવાય ને !

પ્રસ્તુત અંકમાં પતિ-પત્ની વચ્ચેના આંતરિક મતભેદ તો બુદ્ધિ અને સમજણથી ભાંગી શકાય તે માટે ચાવીઓ જ્ઞાની પુરુષ આપે છે, જેમ કે મતભેદ ટાળવા દોર ખેંચવો નહીં, બન્નેના ડિપાર્ટમેન્ટ નોખા, અન્ડરહેન્ડને રક્ષણ આપવું, હું ને તુંથી થતી હુંસાતુસી છોડવી, 'હું-મારું' મતને જ કાઢી નાખવો, તમારા મતે મારો મત, એડજસ્ટ એવરીવ્હેર, પતિ-પત્ની એકબીજાના પૂરક કાઉન્ટર વેઈટ, સરખાપણાનો દાવ આપવો, પ્રકૃતિને ઓળખી કાઉન્ટર પુલી ગોઠવી, અથડામણ ટાળવી અને અથડામણ થાય ત્યારે નૉર્માલિટી સાથે સમભાવે નિકાલ કરી, પતિ-પત્નીએ ઘરમાં મિત્ર તરીકે રહેવાનું.

આપણે જેની જોડે પૂર્વનું ઋણાનુબંધ હોય અને એની જોડે ગમતું ના હોય છતાં ફરજિયાત સાથે રહેવું જ પડતું હોય, તો શું કરવું જોઈએ કે બહારનો વ્યવહાર એની જોડે રાખવો ખરો પણ અંદર એના નામના પ્રતિક્રમણ કરવા જોઈએ. હવે પતિ-પત્નીએ મતભેદ વખતે કંટાળીને ભાગી નથી છૂટવું, એકબીજાનો સમભાવે નિકાલ કરી મેળ પાડવો. નિકાલ એટલે જ્યાં દ્વેષભાવ થાય ત્યાં સામાના આત્માની પાસે આપણે ભૂલ કરી છે તે એક્સેપ્ટ કરી પ્રતિક્રમણ કરવું. પ્રતિક્રમણ કરીએ એટલે સામા પર દ્વેષભાવ થાય નહીં.

સંપૂજ્ય દાદાશ્રી પાસે અનેક પતિ-પત્નીઓએ પોતાના દુઃખી સંસારની સમસ્યાઓ ક્યારેક ખાનગીમાં તો ક્યારેક મુક્ત મને જાહેરમાં રજુ કરેલી. પતિ-પત્ની વચ્ચેની અનેક જટિલ સમસ્યાઓના ઉકેલસમ દાદાશ્રીની હૃદયસમ અને કાયમી સમાધાન આપતી અનુભવ વાણીની વ્યવહાર બોધકળા છે, જે દરેક પતિ-પત્નીને માર્ગદર્શક બની ઘરસંસારમાં સાચી સમજણ સાથે શાંતિ સ્થપાય એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# ભવબંધનથી છૂટવા, સાંધો સુમેળ

## મતભેદમાંથી ક્લેશ ત્યાં વાંધો

કોઈ દહાડો ઘરમાં ક્લેશ થાય છે ? તમને કેમ લાગે છે, ઘરમાં ક્લેશ થાય તે ગમે ?

**પ્રશ્નકર્તા :** કકળાટ વગર તો ચાલે નહીં દુનિયા.

**દાદાશ્રી :** તો પછી ભગવાન તો રહે જ નહીં ત્યાં આગળ. જ્યાં ક્લેશ છે ત્યાં ભગવાન ના રહે. ખાવાનું સારું સારું, સોનાની જણસો પહેરવાની અને પાછો કકળાટ કરવાનો. એટલે જીવન જીવતા આવડતું નથી, તેનો આ કકળાટ છે. કકળાટ હોવો જ ના જોઈએ. કકળાટ કેમ હોય માણસને ત્યાં ? કકળાટ શેને માટે હોય ? અને ક્લેશ હોય તો ફાવે ? તમને કેટલા મહિના ફાવે, ક્લેશ હોય તો ?

**પ્રશ્નકર્તા :** બિલકુલ નહીં.

**દાદાશ્રી :** આખો દહાડો ગડભાંજ, ગડભાંજ ! દુઃખ, દુઃખ ને દુઃખ ! ત્રાસ, ત્રાસ ને ત્રાસ ! અલ્યા બળ્યું, આ કેમ જીવન જીવાય તે ? મનુષ્યપણું શોભે તે આવું ? આમ ઘરના જોડે, બહારવાળા જોડે, વાઈફ જોડે ટકરાય એ ક્લેશ કહેવાય. મન ટકરાય અને પછી થોડો વખત છેટો રહે એનું નામ ક્લેશ. બે-ત્રણ કલાક ટકરાય ને તરત ભેગો થાય તો વાંધો નહીં. પણ ટકરાય ને છેટો રહે એટલે ક્લેશ કહેવાય. બાર કલાક છેટો રહે તો આખી રાત ક્લેશમાં જાય.

ઘરમાં ક્લેશ રહે ને, ત્યાં સુધી સંસાર જ કામનો નહીં. ક્લેશ જાય તો ધર્મમાં આગળ વધાય અને આત્મજ્ઞાન તો હજુ બધી બહુ આગળ લાંબી વાત રહી. ક્લેશ પહેલા જવો જ જોઈએ. કોઈને ઘેર ક્લેશ ગયેલો નહીં. ઘરમાં ક્લેશ ના થવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** ના થવો જોઈએ એ બધી વાત બરાબર, પણ થાય છે એનું શું ?

**દાદાશ્રી :** એટલી અણસમજણ કાઢી નાખશો તો નીકળી જાય એવો છે ક્લેશ. આ અંધાધૂંધીથી ક્લેશ ઊભો થયો છે. અણસમજણથી આ બધા દુઃખો છે, બાકી દુઃખો બિલકુલેય નથી. દુઃખો બધા ઈન્વાઈટ કરેલા છે.

તમારે કોઈ દહાડો મતભેદ થાય છે ?

**પ્રશ્નકર્તા :** મતભેદ તો, ઘરમાં રહેવાના. દરેકના વિચારો સરખા ન હોય ને !

**દાદાશ્રી :** હા, એવા મતભેદનો વાંધો નથી, પણ મતભેદમાંથી ક્લેશ ઊભા થાય તેનો વાંધો છે. એટલે આપણે મતભેદનું નામ લઈએ છીએ ને, એવો મતભેદ તો હોય સ્વભાવિક રીતે. આ કહેશે, 'ખોટું થયું.' ત્યારે પેલા કહેશે, 'ના, નથી ખોટું !' પણ એમાંથી ક્લેશ ન થવો જોઈએ. ગમે તે રસ્તે ક્લેશને હાંકી મેલજો બહાર. મતભેદને પછી મિટાવી દેવો. મતભેદ થઈ ગયો હોય વખતે, તો પછી આપણે એવો કંઈક રસ્તો કરીને પાછો કો'ક વખતે મટાડી દેવો ઝટ.

**પ્રશ્નકર્તા :** એ કઈ રીતે જરા કહો. જરા વધારે સમજાવો ને ક્લિયર કે મતભેદ પડ્યો ક્યારે કહેવાય ? પછી કઈ રીતે આપણે એને ટાળી દેવો ?

**દાદાશ્રી :** આપણે જેની જોડે રહીએ તેની પ્રકૃતિ ના ઓળખવી જોઈએ ?

**પ્રશ્નકર્તા :** એ નથી ઓળખાતી.

**દાદાશ્રી :** અરે, ના શું ઓળખાય ? આપણે પ્રયત્ન કરીએ તો ના ઓળખાય ?

**પ્રશ્નકર્તા :** દસ વર્ષ થયા પણ હજુ નથી ઓળખાઈ.

**દાદાશ્રી :** એમ ! આ જ્ઞાન લીધા પછી ઓળખવા માટે પ્રયત્ન કરજો, ઓળખાશે. એ તો જેમ જેમ દૃષ્ટિ વધશે તેમ ઓળખાશે.

## એક એપાર્ટમેન્ટમાં બે ડિપાર્ટમેન્ટ નોખા

ઘરમાં મતભેદ રહે નહીં એટલું કરી દો. ખાવ, પીઓ, મજા કરો પણ ક્લેશ ના હોવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ ઘરમાં બે જણ હોય, વાઈફ ને હું, તો મતભેદ તો પડે જ ને ! બે વ્યૂ પોઈન્ટ થાય ને !

**દાદાશ્રી :** ખુરશી જોડે પડે છે ?

**પ્રશ્નકર્તા :** ના, પણ કપડું ખરીદવું હોય તો વાઈફ કહે, 'આ ખરીદો' અને હું કહું, 'આ ખરીદો.' આ સિમ્પલ (સાદો) દાખલો આપ્યો એ મતભેદ ના કહેવાય ?

**દાદાશ્રી :** ઓહોહોહો ! એ તો બધી આપણી જ ભૂલ છે. એ જે અમુક બાબતો હોય ને, તે આપણે, જેમ આ પ્રધાનો હોય છે ને, તે બધા વહેંચી લે છે ડિપાર્ટમેન્ટ (વિભાગ) કે આ હોમ (ઘરનું) ડિપાર્ટમેન્ટ, આ ફૉરેન (બહારનું) ડિપાર્ટમેન્ટ. સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ કયું ? શેમાં શેમાં પુરુષોએ હાથ ના ઘાલવો ?

**દાદાશ્રી :** એવું છે, ખાવાનું શું કરવું, ઘર કેમ ચલાવવું, તે બધું સ્ત્રીનું ડિપાર્ટમેન્ટ છે. ઘઉં ક્યાંથી લાવે છે, ક્યાંથી નથી લાવતી તે આપણે જાણવાની શી જરૂર ? એ જો આપણને કહેતા હોય કે ઘઉં લાવવામાં અડચણ પડે છે તો એ વાત જુદી છે. પણ આપણને એ કહેતા ના હોય, રેશન બતાવતા ના હોય, તો આપણે એ ડિપાર્ટમેન્ટમાં હાથ ઘાલવાની જરૂર જ શી ? 'આજે દૂધપાક કરજો, આજે જલેબી કરજો', એય આપણે કહેવાની જરૂર શી ? ટાઈમ આવશે ત્યારે એ મૂકશે. એમનું ડિપાર્ટમેન્ટ એ એમનું સ્વતંત્ર ! વખતે બહુ ઈચ્છા થઈ હોય તો કહેવું કે 'આજે લાડુ બનાવજે.' કહેવા માટે ના નથી કહેતો, પણ બીજી આડી-અવળી, અમથી અમથી બૂમાબૂમ કરે કે 'કઢી ખારી થઈ, ખારી થઈ,' તે બધું ગમ વગરનું છે.

આ રેલ્વેલાઈન ચાલે છે, તેમાં કેટલી બધી કામગીરીઓ હોય છે ! કેટલી જગ્યાએથી નોંધ આવે, ખબરો આવે, તે એનું ડિપાર્ટમેન્ટ જ આવું જુદું. હવે તેમાંય ખામી તો આવે જ ને ? તેમ વાઈફ(પત્ની)ના ડિપાર્ટમેન્ટમાં કો'ક ફેરો ખામી પણ આવે. હવે આપણે જો એમની ખામી કાઢવા જઈએ તો પછી એ આપણી ખામી કાઢશે, 'તમે આમ નથી કરતા, તેમ નથી કરતા. આમ કાગળ આવ્યો ને તેમ કર્યું તમે.' એટલે વેર વાળે. હું તમારી ખોડ કાઢું તો તમે પણ મારી ખોડ કાઢવા તલપી રહ્યા હોય !

એટલે ખરો માણસ તો ઘરની બાબતમાં હાથ જ ના ઘાલે, એને પુરુષ કહેવાય ! નહીં તો સ્ત્રી જેવો હોય. કેટલાક માણસો તો ઘરમાં જઈને મસાલાના ડબ્બામાં જુએ, કે 'આ બે મહિના પર લાવ્યા હતા તે એટલી વારમાં થઈ રહ્યા !' અલ્યા, આવું જુએ છે તે ક્યારે પાર આવે ! એ જેનું ડિપાર્ટમેન્ટ હોય, તેને ચિંતા ના હોય ? કારણ કે વસ્તુ તો વપરાયા કરે ને લેવાયાય કરે. પણ આ વગર કામનો દોઢ ડાહ્યો થવા જાય !

**પ્રશ્નકર્તા :** આપણે એમના ડિપાર્ટમેન્ટમાં માથું નહીં મારવાનું.

**દાદાશ્રી :** હા, માથું મારવાનું નહીં અને પાછું બાબાની ઉપર હાથ ફેરવવાનો, વાતચીત કરવાની. વળી આનંદની વાતો કરવાની. પણ તે બીજી ભાંજગડો નહીં. કંઈક ગોઠવણી હોવી જોઈએ

આપણી. ડિપાર્ટમેન્ટ ના થાય નક્કી કે આટલું ડિપાર્ટમેન્ટ તમારું ?

**પ્રશ્નકર્તા :** હવે ધારો કે પત્ની છે તો એના ડિપાર્ટમેન્ટનું કહે કે આટલું બાબાનું તમે કરો કે બાબાને સ્કૂલમાં લઈ જાવ, તો પછી તે ઘડીએ શું કરવાનું ? ડિપાર્ટમેન્ટ પકડી બેસી રહેવાનું ?

**દાદાશ્રી :** આપણે જોઈ આપવું તે વખતે.

**પ્રશ્નકર્તા :** એટલે પેલું ગધે કા પૂંછની જેમ પકડી નહીં રાખવાનું કે આ મારું ડિપાર્ટમેન્ટ ન હોય, હું નહીં કરું !

**દાદાશ્રી :** ના, એવું ડિપાર્ટમેન્ટ કહેવાતું હશે ? એ એના ડિપાર્ટમેન્ટમાં કંઈ શક્તિ ના હોય ને આપણને કહે તો એ આપણી ફરજ છે. અરે, બહારનો કોઈ કહેવા આવ્યો તોય આપણે કરીએ છીએ, નથી કરતા ? કોઈ આપણને વિનંતી કરે તો આપણે એ કરવું જ જોઈએ. તે ઘડીએ આપણે એમ ના કહીએ કે આ તારું ડિપાર્ટમેન્ટ, અહીં મારી પાસે ક્યાં લાવી ?

**પ્રશ્નકર્તા :** એટલે હવે ઘરમાં પ્રધાન જેવું તો હોવું જોઈએ ને ? એમની મિનિસ્ટ્રીમાં કંઈ બગડતું હોય, ખરાબ થતું હોય, તો એને કહેવું તો જોઈએ ને આપણે ? ત્યાં પછી મતભેદ ના થાય ?

**દાદાશ્રી :** આપણે શું કરવા કહીએ ? એ આ પ્રધાન, આપણે આ પ્રધાન. આપણે કંઈ પ્રેસિડન્ટ નથી એ બેના !

**પ્રશ્નકર્તા :** ઘરના વ્યવહારમાં કંઈ બગડતું હોય તો કહેવાની આપણી ફરજ ખરી કે નહીં ?

**દાદાશ્રી :** એ તો ધીમે રહીને વાત કરવાની.

**પ્રશ્નકર્તા :** કંઈ સમજાવીને કહેવું જોઈએ ને, આ પ્રમાણે નહીં, આ પ્રમાણે કરવું જોઈએ.

**દાદાશ્રી :** હા, સમજાવીને બધું કહેવું જોઈએ. સમજાવીને કહીએ છતાં ના માને તો એમની મરજી. આપણે એને કહેવાના અધિકારી.

**પ્રશ્નકર્તા :** પણ ક્રોધ નહીં કરવાનો ?

**દાદાશ્રી :** એ ક્રોધ તો આપણી નબળાઈ છે. એ તો પેલાય સમજી જાય કે આ ચિડાયા કરે છે. ત્યારે એમાં આબરૂ વધી ગઈ આપણી ?

**પ્રશ્નકર્તા :** તો કોઈને કહેવાઈ જાય એ નિંદા કહેવાય ખરી ?

**દાદાશ્રી :** એવું કોઈને ના કહેવાય. એવું બહાર કો'કને કહેવાતું હશે ? આપણા રાજનું બહાર કહેવાતું હશે કોઈને ? નહીં, એ તો સિક્રેસી હોવી જોઈએ. પોતાનું હોમ ડિપાર્ટમેન્ટ, ફૉરેન ડિપાર્ટમેન્ટ એ સિક્રેસી હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** આનો કંઈ રસ્તો મળે, ઉપાય મળે એટલા માટે આપણા ફ્રેન્ડસને (મિત્રને) આવી વાત કરીએ તો ? ફ્રેન્ડને આવી વાત કરીએ કે ભઈ, મારો ધણી આવો ચીડિયો છે, તો શું એવી રીતના વાત કરાય ?

**દાદાશ્રી :** ના કહેવાય, એ કહેવાય નહીં. એ અત્યાર સુધી કહ્યું હોય તો જુદી વાત છે પણ હવે પછી જો આવી રીતે વર્તવું હોય તો કહેવાની જરૂર નથી રહેતી. પણ ઝઘડો જ નહીં રહે ને ! ક્લેશ ના થાય એટલે સુધી ચાલજો.

## 'માર'નો પછી વાળે બદલો

**પ્રશ્નકર્તા :** દાદા, મારો મિજાજ છટકી જાય તે પછી મારે કેટલીક વાર બૈરી પર હાથ ઉપડી જાય છે.

**દાદાશ્રી :** સ્ત્રીને કોઈ દિવસ મરાય નહીં. જ્યાં સુધી ગાતરો મજબૂત હોય તમારા ત્યાં સુધી એ ચૂપ રહે, પછી એ તમારા પર ચઢી બેસે.

સ્ત્રીને ને મનને મારવું એ તો સંસારમાં ભટકવાના બે સાધનો છે, આ બેને મરાય નહીં. તેમની પાસે તો સમજાવીને કામ લેવું પડે. સ્ત્રીને મારવા જેવું નથી. મારવાથી તો ઊલટું આપણને જ નુકસાનરૂપ, અંતરાયરૂપ થઈ પડે છે.

આશ્રિત કોને કહેવાય ? ખીલે બાંધી ગાય હોય, તેને મારીએ તો એ ક્યાં જાય ? ઘરના માણસો ખીલે બાંધેલા જેવા છે, તેને મારીએ તો આપણે 'નંગોડ' કહેવાઈએ. એને છોડી દે ને પછી માર, તો તે તને મારશે અથવા તો નાસી જશે. બાંધેલાને મારવું એ શૂરવીરના કામ કેમ કહેવાય ? એ તો બાયલાના કામ કહેવાય. ઘરના માણસને તો સહેજેય દુઃખ દેવાય જ નહીં. જેનામાં સમજ ના હોય તે ઘરનાને દુઃખ દે.

## અન્ડરહેન્ડને આપો રક્ષણ

**પ્રશ્નકર્તા :** મારી પત્ની સાથે મારે બિલકુલ બને નહીં. ગમે તેટલી નિર્દોષ વાત કરું, મારું સાચું હોય તો પણ એ ઊંધું લે. બાહ્યનો જીવન સંઘર્ષ તો ચાલે છે, પણ આ વ્યક્તિ સંઘર્ષ શું હશે ?

**દાદાશ્રી :** જે આપણા રક્ષણમાં હોય તેનું ભક્ષણ ક્યાંથી કરાય ? જે પોતાના હાથ નીચે આવ્યો તેનું તો રક્ષણ કરવું, એ જ મોટામાં મોટો ધ્યેય હોવો જોઈએ. એનો ગુનો થયો હોય તોય એનું રક્ષણ કરવું જોઈએ. હમણાં આ પોલીસવાળો ટૈડકાવે તો 'સાહેબ, સાહેબ' કહે અને ઘેર વાઈફ સાચી વાત કહેતી હોય તો એને સહન ના થાય ને તેને ટૈડકાવે. 'મારા ચાના કપમાં કીડી ક્યાંથી આવી ?' એમ કરીને ઘરનાને ફફડાવે. તેના કરતા શાંતિથી કીડી કાઢી લે ને ! ઘરનાને ફફડાવે ને પોલીસવાળા આગળ ધ્રૂજે ! હવે આ ઘોર અન્યાય કહેવાય. આપણને આ શોભે નહીં. સ્ત્રી તો પોતાની ભાગીદાર કહેવાય. ભાગીદાર જોડે ક્લેશ ? આ તો ક્લેશ થતો હોય ત્યાં કોઈ રસ્તો કાઢવો પડે, સમજાવવું પડે. ઘરમાં રહેવું છે તો ક્લેશ શાને ?

કેરીનો રસ ખાતા હોય તેનો વાંધો નથી. આપણે રસ ખાવ, ઘી ખાવ, રોટલી ખાવ, પણ આપણને રસ રેડતી વખતે બેનનો હાથ જરાક આઘોપાછો થયો ને રસ થોડો બહાર પડ્યો, ત્યારે આપણે કહીએ કે 'તું અક્કલ વગરની છે', તો થઈ રહ્યું ! એ તમને અધિકાર જ નથી. તમે 'અક્કલ વગરની છે' કહો તો બાઈ બિચારી શું કરે ? પછી એનાથી બોલાય નહીં, કારણ કે એ તો દબાયેલી હોય. નહીં તો બઈ બહુ ચગેલી હોય ને, તો તે એમ કહે કે આ તમે પાછા અક્કલના કોથળા આવ્યા ! તે ઘડીએ આપણી આબરૂ શું રહે ? એટલે આપણાથી કોઈને 'અક્કલ વગરની છે' એવું કશું કહેવાય નહીં. એ વહુને જ ટૈડકાવે. મૂઆ, વહુ ટૈડકાવે છે કંઈ ?

**પ્રશ્નકર્તા :** એ એક જ જગ્યા ટૈડકાવાની છે, બીજે તો ક્યાં, કંઈ બોલી શકે ?

**દાદાશ્રી :** બીજે મારે બધા. પાછો અહીંયા વાઈફને શું કહેશે ? 'શું સમજે છે તું તારા મનમાં ! તારે ઘેર તને મોકલી દઈશ' કહેશે. પછી છોડીનું તેલ કાઢી નાખે. કોઈ જીવને દુઃખ ના થવું જોઈએ, કોઈને ભય ના પામવા દો. અત્યારે તો ઘરમાં વાઈફ આપણા જતા પહેલા ભડકતી હોય ! એને ભડકાવીને આપણને શું સુખ પડે ?

## બેઉએ સંપીને રહેવું

ભાન જ નથી આ તો ! ખાય છે, પીવે છે, તેય ભાન નથી. આ ભાન વધારવાની જરૂર છે આપણે. આ તો ભાન અહંકારમાં જ બધું પેસી ગયું છે. 'હું આમ છું ને તેમ છું' એવું નહીં આપણે, 'મારે બધું જાણવાનું બહુ બાકી છે' એવું સમજાવું જોઈએ. જ્ઞાનને માટે ખુલ્લું રાખવું જોઈએ. ઘડા ઉપર ઢાંકણું ઢાંકી દઈએ પછી કોણ પાણી

રેડે ? તમને ગમી વાત ? કઈ વાત ગમી તમને, કહો ?

**પ્રશ્નકર્તા :** ઘડા પર ઢાંકણું ન ઢાંકવું જોઈએ એમ, એ વાત ગમી.

**દાદાશ્રી :** બેનોએ પણ ક્લેશ ના કરવો જોઈએ ને પુરુષોય, બેઉ એક દહાડો સંપી લેવું જોઈએ, કે આ દાદાજી કહે છે એ આપણે કોન્ટ્રાક્ટ નવેસરથી કરી લો. ક્યાંય ભાંજગડ નહીં. એ અકળાય તો તમારે શાંત થઈ જવાનું ને બેસી રહેવાનું અને પછી અકળામણ ઠંડી થવા આવે તે ઘડીએ ચા લઈને આવવાનું.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કોન્ટ્રેક્ટ કર્યો હોય ને બેસી રહેવું હોય ને બેસે નહીં તેનું શું ? શાંત ના રહેવાય ને ઝઘડી પડાય તો શું કરવું ?

**દાદાશ્રી :** ઝઘડી પડાય તોય આપણે એને કહેવું કે આ બે પૂતળાં ઝઘડે છે. આ તમને જ્ઞાન હોય એટલે બે પૂતળાં ઝઘડે છે એ જુઓ આપણે, એની ફિલમ જોઈ લો.

## નૉર્માલિટી સાથે સમભાવે નિકાલ

**પ્રશ્નકર્તા :** સામાનું સમાધાન કરવાનો આપણે પ્રયત્ન કરીએ, પણ તેમાં પરિણામ જુદું આવવાનું એવી આપણને ખબર હોય તો એનું શું કરવું ?

**દાદાશ્રી :** પરિણામ ગમે તે આવે, આપણે તો 'સામાનું સમાધાન કરવું છે' એટલું નક્કી રાખવું. 'સમભાવે નિકાલ' કરવાનું નક્કી કરો, પછી નિકાલ થાય કે ના થાય તે પહેલેથી જોવાનું નહીં. અને નિકાલ થશે ! આજે નહીં તો બીજે દહાડે થશે, ત્રીજે દહાડે થશે. ચીકણું હોય તો બે વર્ષે, ત્રણ વર્ષે કે પાંચ વર્ષેય થશે. વાઈફના ઋણાનુબંધ બહુ ચીકણા હોય, 'આપણે સમભાવે નિકાલ કરવો છે' એટલે એક દહાડો એ નિકાલ થઈ રહેશે, એનો અંત આવશે. જ્યાં ચીકણા ઋણાનુબંધ હોય ત્યાં બહુ જાગૃતિ રાખવી પડે. આવડો અમથો સાપ હોય પણ ચેતતા ને ચેતતા રહેવું પડે. અને બેફામ રહીએ, અજાગ્રત રહીએ તો સમાધાન થાય નહીં. સામી વ્યક્તિ બોલી જાય ને આપણે પણ બોલી જઈએ. બોલી જવાનોય વાંધો નથી, પણ બોલી જવાની પાછળ આપણે 'સમભાવે નિકાલ' કરવો છે એવો નિશ્ચય રહેલો છે, તેથી દ્વેષ રહેતો નથી.

**પ્રશ્નકર્તા :** બીજું, આ લોકો દરેક વાતમાં 'હવે ચાલશે, આ નહીં હોય તો કંઈ વાંધો નહીં, આમ કરશું,' એ જ આખી વૃત્તિ આવી ગઈ. પહેલા જે ઈન્સિસ્ટન્સ (આગ્રહ) હતું કે 'નહીં, આમ જ થવું જોઈએ' એને બદલે દરેક વાતમાં 'હવે ચાલશે' એ જે આવી મનોવૃત્તિ આવી ગઈ બાંધછોડની, એય વૃત્તિ બહુ જ ખરાબ છે, એવું મારું માનવું છે.

**દાદાશ્રી :** એ તો એવું છે ને, બે વસ્તુ છે. એક કૉમ્પ્રોમાઈઝ (સમાધાન) કરે ને બીજો શું કરે ?

**પ્રશ્નકર્તા :** વળગી રહે કે નહીં, આમ જ કરવું પડશે.

**દાદાશ્રી :** હા, તે બન્નેને ભગવાને ખોટા કહ્યા, કે યુઝલેસ ફેલો (નકામા માણસ). શા માટે આમ કરી રહ્યા છો ? ઘેર જઈને બૈરીની જોડે ખઈ-પીને મોજ કરો ને ! વળગી રહેનારનેય યુઝલેસ કહ્યા અને 'ચાલશે' એનેય યુઝલેસ કહ્યા. તમને લાગે છે કે ભગવાન એ બેઉને કેન્સલ કરે ?

**પ્રશ્નકર્તા :** મને લાગે છે ભગવાન એ બેઉને ઈગ્નોર કરતા (અવગણના) હશે.

**દાદાશ્રી :** ના, પણ યુઝલેસ, કામના જ નહીં આ. 'મારે ત્યાં તો નૉર્માલિટીવાળા આવો.

જ્યારે જરૂર હોય ત્યારે ચલાવી લે અને જરૂર ના હોય ત્યારે એનું એ કરે.' જેવું 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તે, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એ !' એવું શ્રીમદ્ રાજચંદ્ર કહે છે, એવું વ્યવહારમાં હોવું જોઈએ.

### સાચવી લઈએ સંસારની ભાગીદારી

**પ્રશ્નકર્તા :** મુખ્ય વસ્તુ એ કે ઘરમાં શાંતિ રહેવી જોઈએ.

**દાદાશ્રી :** શાંતિ કેવી રીતે રહે પણ ? શાંતિ તો છોડીનું (છોકરીનું) નામ પાડીએ તોય શાંતિ ના રહે. એના માટે તો ધર્મ સમજવો જોઈએ. ઘરમાં માણસો બધાને કહેવું જોઈએ કે 'ભઈ, આપણે બધા ઘરના માણસો કોઈ કોઈના વેરવી નથી, કોઈ કોઈનો ઝઘડો નથી. આપણે મતભેદ કરવાની કંઈ જરૂર નથી. વહેંચી વહેંચીને શાંતિપૂર્વક ખઈ લો. આનંદ કરો, મઝા કરો. એવી રીતે આપણે વિચારીને બધું કરવું જોઈએ. ઘરના માણસો જોડે કકળાટ ક્યારેય ના કરવો જોઈએ. કોઈને પજવીને પોતે સુખી થાય એ ક્યારેય ના બને, ને આપણે તો સુખ આપીને સુખ લેવું છે. આપણે ઘરમાં સુખ આપીએ તો જ સુખ મળે.

આ તો કેટલી ચિંતા-ઉકળાટ ! કશોય મતભેદ જતો નથી, તોય મનમાં માને કે મેં કેટલો ધર્મ કર્યો ! અલ્યા, ઘેર મતભેદ ટળ્યો ? ઓછોય થયો છે ? ચિંતા ઓછી થઈ ? કંઈ શાંતિ આવી ? ધર્મ તો મહીં શાંતિ આપે, આધિ-વ્યાધિ-ઉપાધિ ના થાય, એનું નામ ધર્મ ! સ્વભાવ ભણી જવું એનું નામ ધર્મ કહેવાય. આ તો ક્લેશ પરિણામ વધારે ને વધારે થયા કરે છે.

**પ્રશ્નકર્તા :** હવે કરવું શું મારે ?

**દાદાશ્રી :** જો તમને પ્રેમ છે તો એડજસ્ટમેન્ટ હોય જ.

**પ્રશ્નકર્તા :** અહંકાર આડો આવે છે ?

**દાદાશ્રી :** હા, એ જ ને ! અહંકારની જ બધી ભાંજગડ છે ને ! મતભેદથી તો ઉકેલ ના આવે. મતભેદ પસંદ નથી, છતાં મતભેદ પડી જાય છે ને ? સામો વધારે ખેંચાખેંચ કરે તો આપણે છોડી દઈએ ને ઓઢીને સૂઈ જવું. જો છોડીએ નહીં ને બેઉ ખેંચ્યા રાખે તો બેઉને ઊંઘ ના આવે ને આખી રાત બગડે. વ્યવહારમાં, વેપારમાં, ભાગીદારીમાં કેવું સાચવીએ છીએ ! તો આ સંસારની ભાગીદારીમાં આપણે ના સાચવી લેવાય ?

એટલે 'એડજસ્ટ' થવાનું જગતમાં, કારણ કે દરેક વસ્તુનો 'એન્ડ' હોય છે. અને વખતે એ લાંબા કાળ સુધી ચાલે તોય તમે તેને હેલ્પ નથી કરતા, વધારે નુકસાન કરો છો. તમારી જાતને નુકસાન કરો છો ને સામાનું નુકસાન થાય છે ! એને કોણ સુધારી શકે ? જે સુધરેલો હોય તે જ સુધારી શકે. પોતાનું જ ઠેકાણું ના હોય તે સામાને શી રીતે સુધારી શકે ?

### 'હું' જાય તો આવે ઉકેલ

(આ તો) ઘરમાં વાઈફ જોડે મતભેદ થાય તો તેનું સમાધાન કરતા આવડે નહીં, છોકરાં જોડે મતભેદ ઊભો થાય તો તેનું સમાધાન કરતા ના આવડે અને ગૂંચાયા કરે.

**પ્રશ્નકર્તા :** ધણી તો એમ જ કહે ને, કે વાઈફ સમાધાન કરે, હું નહીં કરું !

**દાદાશ્રી :** હંઅ, એટલે લિમિટ પૂરી થઈ ગઈ. વાઈફ સમાધાન કરે ને આપણે ના કરીએ તો આપણી લિમિટ થઈ ગઈ પૂરી. પુરુષ હોય ને, તે તો આવું બોલે કે વાઈફ રાજી થઈ જાય અને એમ કરીને ગાડી આગળ ચાલુ કરી દે, અને તમે તો પંદર-પંદર દહાડા, મહિના-મહિના સુધી ગાડી બેસાડી રાખો, તે ના ચાલે. જ્યાં સુધી

સામાના મનનું સમાધાન નહીં થાય, ત્યાં સુધી તમારે મુશ્કેલી છે. માટે સમાધાન કરવું.

આમ ઘરમાં મતભેદ પડે તે કેમ ચાલે ? બઈ કહે કે 'હું તમારી છું' ને ધણી કહે કે 'હું તારો છું' પછી મતભેદ કેમ ? તમારા બેની અંદર પ્રૉબ્લેમ વધે તેમ જુદું થતું જાય. પ્રૉબ્લેમ સૉલ્વ થઈ જાય પછી જુદું ના થાય. જુદાઈથી દુઃખ છે. અને બધાને પ્રૉબ્લેમ ઊભા થવાના, તમારે એકલાને થાય છે એવું નથી. જેટલાએ શાદી કરી તેને પ્રૉબ્લેમ ઊભા થયા વગર રહે નહીં.

વહુની જોડે મતભેદ પડતો હોય તો એની જોડે એકતા રાખવાની. વાઈફ જોડે પણ મતભેદ થાય, ત્યાંય એકતા ના રહે, તો પછી બીજે ક્યાં રાખવાની ? એકતા એટલે શું, કે ક્યારેય મતભેદ ના પડે. આ એક જણ જોડે નક્કી કરવું કે તમારે ને મારે મતભેદ ના પડે, એટલી એકતા કરવી જોઈએ. એવી એકતા કરી છે તમે ?

**પ્રશ્નકર્તા :** આવું કોઈ દહાડો વિચારેલું નહીં. આ પહેલી વાર વિચારું છું.

**દાદાશ્રી :** હા, તે વિચારવું પડશે ને ? ભગવાન કેટલા વિચાર કરી કરીને મોક્ષે ગયા !

વાતચીત કરો ને ! કંઈ ખુલાસા થશે આમાં. આ તો જોગ બેઠો છે તે ભેગા થયા, નહીં તો ભેગા થવાય નહીં આ તો ! એટલે કશી વાતચીત કરો ને ! એમાં વાંધો શો ? આપણે બધા એક જ છીએ. તમને જુદાઈ લાગે છે આ બધી, કારણ કે ભેદબુદ્ધિથી માણસને જુદું લાગે. બાકી બધું છે એક જ. માણસને ભેદબુદ્ધિ હોય ને ? વાઈફ જોડે તો ભેદબુદ્ધિ નથી હોતી ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ જ થઈ જાય છે.

**દાદાશ્રી :** આ વાઈફની જોડે ભેદ કોણ પાડે છે ? બુદ્ધિ જ.

બૈરી ને એનો ધણી બેઉ પાડોશી જોડે લડે ત્યારે કેવા અભેદ થઈને લડે છે ! બેઉ જણ આમ હાથ કરીને કે તમે આવા ને તમે તેવા ! બેઉ જણ આમ હાથ કરે. એટલે આપણે જાણીએ કે ઓહોહો ! આ બેમાં આટલી બધી એકતા ! આ કૉર્પોરેશન અભેદ છે, એવું આપણને લાગે. અને પછી ઘરમાં પેસીને બેઉ વઢે ત્યારે શું કહેશે ? ઘેર પેલા વઢે કે ના વઢે ? કો'ક દહાડો તો વઢે ને ? એ કૉર્પોરેશન માંહ્યોમાંહી જ્યારે ઝઘડે ને, 'તું આવી ને તમે આવા, તું આવી ને તમે આવા !' પછી ઘરમાં જામે ને, ત્યારે તો કહે, 'તું જતી રહે, અહીંથી તારા ઘેર જતી રહે, મારે જોઈએ જ નહીં !' હવે આ અણસમજણ નહીં ? તમને કેમ લાગે છે ? તે અભેદ હતા તે તૂટી ગયા અને ભેદ ઉત્પન્ન થયો. એટલે વાઈફ જોડેય 'મારી-તારી' થઈ જાય. 'તું આવી છું ને તું આવી છું !' ત્યારે એ કહેશે, 'તમે ક્યાં પાંસરા છો ?' એટલે ઘરમાંય હું ને તું થઈ જાય.

'હું ને તું, હું ને તું, હું ને તું !' તે પહેલા અમે હતા, અમે બે એક છીએ, અમે આમ છીએ, અમે તેમ છીએ. અમારું જ છે આ. તેનું 'હું ને તું' થયા ! હવે હું અને તું થયા એટલે હુંસાતુસી થાય. એ હુંસાતુસી પછી ક્યાં પહોંચે ? ઠેઠ હલદીઘાટીની લડાઈ શરૂ થઈ જાય. સર્વ વિનાશને નોતરવાનું સાધન એ હુંસાતુસી ! એટલે હુંસાતુસી તો કોઈની જોડે થવા ના દેવી.

સંસારમાં કેમ ઊભું રહેવાય, આવા ફસામણવાળા સંસારમાં ? હું ને તું હોય, ત્યાં જીવાય જ કેમ કરીને ? હું ને તું, હું ને તુંમાં મતભેદ ના લાગે, બળ્યો ?

**પ્રશ્નકર્તા :** 'હું' હોય તો જ 'તું' હોય.

**દાદાશ્રી :** હા, પણ 'હું' જતો રહ્યો છે તમારે ? એ તો ગજવું કાપે ત્યારે ખબર પડે.

**પ્રશ્નકર્તા :** ગયો નથી પણ એટલી સમજ પડે કે 'હું' જવો જોઈએ.

**દાદાશ્રી :** હા, 'હું' જાય તો બધો ઉકેલ આવી જાય.

## અક્કલે અક્કલ લડે ત્યાં પડે મતભેદ

**પ્રશ્નકર્તા :** ઘરમાં મતભેદ દૂર કરવા શું કરવું ?

**દાદાશ્રી :** મતભેદ શેના પડે છે એ તપાસ કરવી પહેલી. કોઈ દા'ડો એવો મતભેદ પડે છે કે એક છોકરો ને એક છોડી હોય, તો પછી બે છોકરાં નથી એનો મતભેદ પડે છે ?

**પ્રશ્નકર્તા :** ના, આમ તો નાની નાની વાતમાં મતભેદ થાય.

**દાદાશ્રી :** અરે, આ નાની વાતમાં તો, એ તો ઈગોઈઝમ છે. એટલે એ બોલે ને કે 'આમ છે,' ત્યારે કહેવું, 'બરોબર છે.' એમ કહીએ એટલે પછી કશુંય નહીં પાછું. પણ આપણે ત્યાં આપણી અક્કલ ઊભી કરીએ છીએ. અક્કલે અક્કલ લડે એટલે મતભેદ થાય.

**પ્રશ્નકર્તા :** 'એ બરાબર છે' એવું મોઢેથી બોલવા માટે શું કરવું જોઈએ ? એ બોલાતું નથી, એ અહમ્ કેવી રીતે દૂર કરવો ?

**દાદાશ્રી :** એ હવે બોલાય નહીં પાછું, ખરું કહે છે. એ થોડા દા'ડા પ્રેક્ટિસ લેવી પડે. આ કહું છું ને, એ ઉપાય કરવા માટે થોડા દા'ડા પ્રેક્ટિસ લો ને, પછી એ ફિટ થઈ જશે, એકદમ નહીં થાય.

**પ્રશ્નકર્તા :** મતભેદ કેમ પડે છે, એનું કારણ શું ?

**દાદાશ્રી :** મતભેદ પડે એટલે પેલો જાણે કે 'હું અક્કલવાળો' અને પેલી જાણે કે 'હું અક્કલવાળી.' આ અક્કલના કોથળા આવ્યા ! વેચવા જઈએ તો ચાર આના આવે નહીં, અક્કલના બારદાન કહેવાય છે એને. એના કરતા આપણે ડાહ્યા થઈ જઈએ, એની અક્કલને આપણે જોયા કરીએ કે ઓહોહો... કેવી અક્કલવાળી છે ! તો એય ટાઢી પડી જાય પછી. પણ આપણેય અક્કલવાળા અને એય અક્કલવાળી, અક્કલ જ જ્યાં લડવા માંડી ત્યાં શું થાય તે ?

બાકી ઘરમાં મતભેદ ના પડાય. મતભેદ પડે એને માણસ જ કેમ કહેવાય ? મતભેદ ટાળતા ના આવડ્યા તો બુદ્ધિ જ ના કહેવાય ને ! મતભેદ તો બુદ્ધિ અને સમજણથી ભાંગી શકે એમ છે. મતભેદ ટળે એટલી જાગૃતિ તો પ્રકૃતિ ગુણથી પણ આવી શકે છે. મતિ પહોંચતી નથી તેથી મતભેદ થાય છે. મતિ ફુલ (પૂર્ણ) પહોંચે તો મતભેદ ના થાય. પણ આ કાળને લઈને અત્યારે બધા ફ્રેક્ચર થઈ ગયેલા છે ને ભટક ભટક ભટક કરે છે ! કંઈ હેતુ નથી, કંઈ ભાન નથી, કશું જ નથી. એમાં ઘરમાંય કોઈની જોડે સુખ નથી એને અને ઘરવાળાનેય કોઈને સુખ નથી એની જોડે. અને મતભેદ ઘટ્યા નથી. તે કહે છે, 'હું કંઈક પામ્યો.' અલ્યા, મતભેદ ઘટવા જોઈએ, શાંતિ વધવી જોઈએ. કંઈક તો કારણ બનવું જોઈએ. કશું બન્યું નથી ને મનમાં શુંયે માની બેઠા છે ! જાણ્યું તેનું નામ કહેવાય કે કોઈ જોડે મતભેદ ના પડે.

**પ્રશ્નકર્તા :** જીવનમાં મતભેદ તો હોય ને ? કોઈ માણસ સંપૂર્ણ તો છે જ નહીં ને ?

**દાદાશ્રી :** મતભેદ પડે એનો અર્થ જ શું ? એ સેન્સલેસ ફેલો (મૂરખ માણસ) ! મતભેદ તો એકાદ-બે હોય, આ તો આખો દહાડો મતભેદ પડ્યા કરે ! એ તો સેન્સલેસ ફેલો કહેવાય પછી ! ઘરમાં એક દહાડો મતભેદ ન થવો જોઈએ. આ

મતભેદ કરે છે એ બુદ્ધિ ઓછી એટલે. બુદ્ધિથી વિચાર કરે, તો મતભેદ કરવાની જરૂર જ નથી. પણ બુદ્ધિ ઓછી હોય તો એ મતભેદ કરે અને પોતાની જાતને બુદ્ધિશાળી માનતો હોય. બુદ્ધિશાળી એનું નામ કે ઘરમાં સેફસાઈડ કરે, બહાર સેફસાઈડ કરે, સેફસાઈડ વધારે એનું નામ બુદ્ધિશાળી. ઘરમાં આનંદ કરાવડાવે એનું નામ બુદ્ધિશાળી કે ડાચું ચઢેલું હોય એનું નામ બુદ્ધિશાળી ?

**પ્રશ્નકર્તા :** બુદ્ધિશાળી જો વિવેક કરીને કામ કરે તો એને બુદ્ધિશાળી કહેવાય ?

**દાદાશ્રી :** હં. વિવેકપૂર્વક બધાને સુખ વધે એવું ખોળી કાઢે, સુખ ઘટે એવું ના ખોળી કાઢે. આ તો ઘેર આવીને ડખો કરે મૂઆ, આખું ઘર બગાડે. એવી લાઈફ કેમ હોવી જોઈએ ? આપણી લાઈફ ફેરવી શકીએ છીએ, આપણે આપણા વિચારો ફેરવી શકીએ છીએ.

આપણે નક્કી કર્યું, કે ઘરમાં મતભેદ નથી પાડવો. એવું નક્કી કરીને બીજા જોડે ભાંજગડ કરે ને, તોય મતભેદ પડે નહીં. પણ આપણે એ ચાવી માર્યા વગર જ કરીએ છીએ ને, તેથી ભાંજગડ થઈ જાય છે. અમે પહેલેથી ચાવી મારીને પછી કરીએ.

## મતભેદ એટલે ટગ ઑફ વૉર

તમારે મતભેદ વધારે પડે કે એમને વધારે પડે છે ?

**પ્રશ્નકર્તા :** એમને વધારે પડે છે.

**દાદાશ્રી :** ઓહોહો ! મતભેદ એટલે શું ? મતભેદનો અર્થ તમને સમજાવું. આ દોર ખેંચવાની રમત હોય છે ને, તે જોયેલી તમે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બે-ચાર જણ આ બાજુ ખેંચે, બે-ચાર જણ પેલી બાજુ ખેંચે. મતભેદ એટલે દોર ખેંચવો. એટલે આપણે જોઈ લેવું કે આ ઘેર બેન ખૂબ જોરથી ખેંચે છે અને આપણે જોરથી ખેંચીશું, બેઉ જણ ખેંચીએ તો પછી શું જાય ?

**પ્રશ્નકર્તા :** તૂટી જાય.

**દાદાશ્રી :** અને તૂટી જાય તો ગાંઠ વાળવી પડે. તો ગાંઠ વાળીને પછી ચલાવવું, એના કરતા આખી રાખીએ, એ શું ખોટું ? એટલે બહુ ખેંચે ને, એટલે આપણે મૂકી દેવું.

**પ્રશ્નકર્તા :** પણ બેમાંથી મૂકે કોણ ?

**દાદાશ્રી :** સમજણવાળો, જેને અક્કલ વધારે હોય તે મૂકે અને ઓછી અક્કલવાળો ખેંચ્યા વગર રહે જ નહીં ! એટલે આપણે અક્કલવાળાએ મૂકી દેવું. મૂકી દેવું તે પાછું એકદમ નહીં છોડી દેવું. એકદમ છોડી દે ને, તો પડી જાય પેલું. એટલે ધીમે ધીમે, ધીમે ધીમે મૂકવાનું. એટલે મારી જોડે કોઈ ખેંચ કરે ને, તો ધીમે ધીમે છોડી દઉં. નહીં તો પડી જાય બિચારો. હવે તમે આ છોડી દેશો આવું ? હવે છોડી દેતા આવડશે ? છોડી દેશો ને ? છોડી દો, નહીં તો પછી ગાંઠ વાળીને ચલાવવું પડે દોરડું. રોજ રોજ ગાંઠો વાળવી એ સારું દેખાય ? પાછું ગાંઠ તો વાળવી જ પડે ને ? દોરડું તો પાછું ચલાવવું જ પડે ને ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** હા, કરવું જ પડે.

**દાદાશ્રી :** હં... એટલે છોડી દેવું અને તે પાછા પડી ના જાય એવી રીતે ! પછી એમના મનમાં હિંમત આવશે કે આ આટલી મોટાઈ રાખે છે તો હુંય મોટાઈ રાખું, એવું મન થાય એમને.

**પ્રશ્નકર્તા :** કોઈ નથી રાખતું, એકેય નમતું આપતા જ નથી.

**દાદાશ્રી :** એ તો ડાહ્યો હોય તે છોડી દે.

નહીં તો એક ફેરો ગાંઠ પડ્યા પછી ગાંઠ નહીં જાય. માટે દોરી ઘરમાં એવી રીતે રાખો, ગાંઠ પાડવી ના પડે. તૂટે નહીં એવી રાખો. તો એ ના સમજવું જોઈએ ?

ઘરમાં મતભેદ થતો હશે ? એક અંશેય ના થવો જોઈએ ! ઘરમાં જો મતભેદ થાય તો યુ આર અનફિટ ફૉર, જો હસબન્ડ આવું કરે એ અનફિટ ફૉર હસબન્ડ અને વાઈફ આવું કરે તો અનફિટ ફૉર વાઈફ.

## છોકરાં તમારી નબળાઈઓ દેખે

**પ્રશ્નકર્તા :** પતિ-પત્નીના ઝઘડાથી છોકરાં પર શું અસર થાય ?

**દાદાશ્રી :** ઓહોહો ! બહુ ખરાબ અસર થાય. આવડો નાનો બાબો હોય ને, તેય એમ જોયા કરે. આ પપ્પો બહુ બોલ બોલ કરે છે મારી મમ્મી જોડે. પપ્પો જ ખરાબ છે. પણ મોઢે બોલે નહીં. એ જાણે કે બોલીશ તો મારશે મને. મનમાં નોંધ કરે આ, નોટેડ ઈટ્સ કન્ટેન્ટ્સ. પણ ઘરમાં આવું તોફાન જુએ પછી મનમાં રાખી મેલે કે 'મોટો થઈશ એટલે પપ્પાને આપીશ !' નક્કી કરે આપણા હારુ અત્યારથી. પછી એ મોટો થાય એટલે આપે ! 'એવું મારવા હારુ મેં તમને મોટા કર્યા ?' 'તો તમને કોણે મોટા કર્યા હતા ?' કહેશે. 'અલ્યા, ત્યાં સુધી, મારા બાપા સુધી પહોંચ્યો ?' ત્યારે કહે, 'તમારા દાદા સુધી પહોંચીશ.' આપણે સ્કોપ આપ્યો ત્યારે ને ? એવી ગાંઠ વાળવા દઈએ તો આપણી જ ભૂલ છે ને ! ઘરમાં વઢીએ શું કરવા ? એને વઢીએ જ નહીં એટલે બાબો જુએ કે આ કહેવું પડે, પપ્પા કેટલા સારા છે !

**પ્રશ્નકર્તા :** અહીંયા બૈરા જોડે બહુ કચકચ થાય.

**દાદાશ્રી :** તો બાબો શું કરે ? બાબો જોયા કરે, હં... આ પપ્પો તો સારો છે, પણ આ મમ્મી જ એવી છે ! મમ્મી જ ખરાબ છે, બહુ જ ખરાબ છે. મનમાં પાછો અભિપ્રાય આપે, બાબો. મનમાં નક્કી કરે કે મોટો થઉં ત્યારે મમ્મીને મારીશ. મારા પપ્પાનું ખરાબ ખરાબ કરે છે. એ છોકરાંઓ ન્યાય જાણે ફર્સ્ટ ક્લાસ. આ બેમાં કોની ભૂલ થયેલી છે તે ના સમજે છોકરાં ? આવડા આવડા છોકરાં ન્યાય કરે, કારણ કે એને સમજણ તો એટલી બધી હોય, એ ઈન્ડિયનનું છોકરું છે ને ! એટલે કહે છે, આ મમ્મી જ ખોટી છે.

આ ન્યાય કરે, મૂઆ ! હવે આ રીત છે આપણી ? ભવાડો આપણો ન જુએ છોકરાં એવું કરવું જોઈએ. દરેક બાબતમાં બારણાં વાસતા હો તો આમાં બારણાં વાસવા ના જોઈએ ? છોકરાંની હાજરીમાં કરાતું હશે આવું ! અને છોકરાં સ્કૂલમાં ગયા હોય તે ઘડીએ ઉડાવવી થોડી વખત, જેને ટેવ હોય તેને, હેબિટ પડેલી હોય તેને. એટલે વઢવું હોય તો એ સ્કૂલમાં ગયા પછી વઢવું, શોખ હોય તો. નહીં તો વઢાય નહીં. નહીં તો છોકરાં થતા પહેલા લડી લેવું. છોકરાં થયા પછી લડાય નહીં. એ તો સ્કૂલ માંડી કહેવાય, સ્કૂલનું મંડન થઈ ગયું. નિશાળિયા પર અસર પડે. એટલે લડાય નહીં.

આ તો છોકરાં ઊભા હોય તોય મારે છે હઉ સામસામી. એક જણને એની બૈરીએ માર્યો હતો, એના છોકરાં ઊભા હતા ને ! હવે આ તો કોઈ દહાડો સારું દેખાય, શોભે ?

છોકરાં સારા થઈ જાય, સંસ્કાર પડે, એ આપણો રસ્તો. છોકરાંને જે ના ગમતું હોય એ કાર્ય નહીં કરવાનું. છોકરાંને પૂછવું કે 'અમે બે ઝઘડીએ છીએ તો તમને ગમે ?' ત્યારે કહે, 'ના ગમે.' તો આપણે બંધ કરી દેવું. મોટા ગુરુ ના મળે તો છોકરાંઓ ગુરુ (તરીકે) મળ્યા ! તો

છોકરાં સારા થાય, આપણા સંસ્કાર સારા પડે. છોકરાં કશું આવું મા-બાપને સારા દેખે ને, તો બહુ સારા થઈ જાય. એને શિખવાડવું ના પડે. સંસ્કાર જોઈને સંસ્કાર શીખી જાય છે. છોકરાં કંઈ પણ આપણે ત્યાં ખરાબ દેખે નહીં એવું વર્તન હોવું જોઈએ. સંસ્કારી છોકરાં હોવા જોઈએ. આવી લાઈફને લાઈફ કેમ કહેવાય ? જીવન જીવવાનું કંઈક જોઈએ કે ના જોઈએ, કંઈક કળા-બળા જોઈએ કે નહીં ?

## આંતરિક મતભેદો ટાળવાના ઉપાય

**પ્રશ્નકર્તા :** તમારી પાસે એવું શું સિક્રેટ (રહસ્ય) છે કે મતભેદ ના થાય ?

**દાદાશ્રી :** એ જ સિક્રેટ (રહસ્ય) આપવા માગું છું તમને. આ તો માઈન્ડ ફ્રેક્ચર થઈ ગયું છે, બૉડી ફ્રેક્ચર થઈ ગઈ છે, બધું ફ્રેક્ચર થઈ ગયેલું છે. માઈન્ડ કેવું થઈ ગયેલું છે કે ડૉલર જતો રહે તો જાણે પોતે મરી ગયો એવું લાગે. ના લાગે એવું ? એ મન ફ્રેક્ચર થઈ ગયું છે.

**પ્રશ્નકર્તા :** પણ હવે બારસો ડૉલર ભાડું ભરવાનું હોય તો લાગે જ ને !

**દાદાશ્રી :** આ લાગવાથી એ ભાડું ભરાઈ જતું હશે ખરું ? લાગવાથી એ થઈ જતું હશે ખરું ?

**પ્રશ્નકર્તા :** ના, પણ નેચરલ...

**દાદાશ્રી :** ના, એ નબળાઈ છે, વીકનેસ બધી ! આ માઈન્ડ ફ્રેક્ચર થઈ ગયેલું છે. એ ફ્રેક્ચર ના થવું જોઈએ.

અમારે તો ઘેર મારા વાઈફ, હીરાબા છે, તે આજ કેટલાય વર્ષોથી અમારામાં મતભેદ નથી. કોઈ દહાડો એ નાખી દેતા હોય રૂપિયા તોય હું એમ ના કહું કે...

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા પણ હીરાબા સાથે મતભેદ નહોતા કોઈ દિવસ ?

**દાદાશ્રી :** હા, પહેલા થતો. અમારે પૈણ્યે પંચાવન વર્ષ થયા. તે પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમર સુધી જરા ભૂલચૂક થઈ હશે. જ્ઞાન પહેલા, નાની ઉંમરમાં અમે હઉ અમુક ઉંમર સુધી સાણસી લઈને આમ ફટ દઈને ફેંકતા'તા. આબરૂદાર લોક ને ! ખાનદાન ! છ ગામના પટેલ ! પછી ખબર પડી કે મારી આ ખાનદાની નીકળી ગઈ ! આબરૂનું લિલામ થઈ ગયું ! સાણસી મારી ત્યાંથી આબરૂનું લિલામ ના થયું કહેવાય ? સ્ત્રીને સાણસી મારે આપણા લોક ? અણસમજણનો કોથળો ! તે બીજું કશું ના જડ્યું તો સાણસી મારી ! આ તે કંઈ શોભે આપણને ?

**પ્રશ્નકર્તા :** સાણસી મારી એ તો એક માર્યા પછી પતી ગયું. પણ પેલા આંતરિક મતભેદ જે હોય તે બિહેવિયરમાં (વર્તનમાં) પરિણામ પામે. એ તો બહુ ભયંકર કહેવાય ને ?

**દાદાશ્રી :** આંતરિક મતભેદો ને ? એ તો બહુ ભયંકર !

પણ મેં શોધખોળ કરેલી કે આ આંતરિક મતભેદનો કોઈ ઉપાય છે ? તો કોઈ શાસ્ત્રમાં જડ્યો નહીં. એટલે પછી મેં શોધખોળ કરી, જાતે કે આનો ઉપાય આટલો જ છે કે હું મારા મતને જ કાઢી નાખું તો મતભેદ નહીં પડે. મારો મત જ નહીં, તમારા મતે મત !

હું તો ત્રીસ વર્ષનો હતો ત્યારથી બધું રિપેર કરી નાખેલું. ઘરમાં પછી ભાંજગડ જ નહીં, મતભેદ જ નહીં. બાકી અમારે પહેલા લોચા પડી ગયેલા, અણસમજણના લોચા. કારણ કે ધણીપણું બજાવવા ગયેલા. મેં તો બહુ રોફ મારેલા.

**પ્રશ્નકર્તા :** તમે શું રોફ માર્યા હતા, દાદા ?

**દાદાશ્રી :** અરે ! બહુ રોફ, આમ કડક બહુ ! પછી સમજણ પડી ગઈ, આ તો ભૂલ થઈ રહી છે બધી. એટલે પછી બંધ કરી દીધું. નાનપણમાં તો સમજણ ના પડે ને કે આ ભૂલો છે, નરી ભૂલો જ છે ને બધી !

**પ્રશ્નકર્તા :** એટલે હીરાબા કહેતા હશે કે દાદા તો તીખા ભમરા જેવા !

**દાદાશ્રી :** તીખા ભમરા જેવા...

તે દહાડે કડકાઈ બહુ, બહુ કડકાઈ ! આ તો જ્ઞાનને લઈને બધું જતું રહ્યું, બધી કડકાઈ. આજ છવ્વીસ વર્ષથી જતું રહ્યું. પહેલા હતું પણ તે ઓછું. પણ હીરાબાની જોડે તો બહુ વર્ષોથી મેં બંધ કરી દીધેલું.

**પ્રશ્નકર્તા :** બધા ધણીપણું બજાવે અને આપ ધણીપણું બજાવો એમાં ફેર તો ખરો જ ને ?

**દાદાશ્રી :** ફેર ? શાનો ફેર ? ધણીપણું બજાવ્યું એટલે બધું ગાંડપણ, મેડનેસ કહેવાય. અંધારાના કેટલા ભેદ હોય ?

**પ્રશ્નકર્તા :** તોય આપનું જરા જુદી જાતનું હોય ને ? આપનું કંઈક નવી જ જાતનું હોય ને ?

**દાદાશ્રી :** થોડો ફેર હોય. એક ફેરો મતભેદ બંધ કર્યા પછી ફરી મતભેદ નથી પડવા દેતા. અને પડ્યો હોય તો વાળી લેતા અમને આવડે.

મારે અમારા ઘરમાં અમારા વાઈફ જોડે પિસ્તાલીસ વર્ષથી મતભેદ પડેલો નથી. એય મર્યાદાપૂર્વકની વાત કરે, તો હુંય મર્યાદાપૂર્વકની વાત કરું અને એ કો'ક દહાડો અમર્યાદ થઈ જાય તો હું સમજી જાઉં કે એ અમર્યાદ થઈ ગયા છે. એટલે હું કહું કે તમારી વાત બરોબર છે, પણ મતભેદ ના પડવા દઉં. એમને એવું ના લાગે કે એક મિનિટેય મને દુઃખ દીધું છે. અમનેય એમ ના લાગે કે એમણે દુઃખ દીધું છે.

## સમજુ ખસી જાય, અથડાય નહીં

**પ્રશ્નકર્તા :** આપણે ક્લેશ ના કરવો હોય પણ સામે આવીને ઝઘડે તો શું કરવું ? એમાં એક જાગ્રત હોય પણ સામાવાળો ક્લેશ કરે, તો ત્યાં તો ક્લેશ થાય જ ને ?

**દાદાશ્રી :** આ ભીંત જોડે લડે, તો કેટલો વખત લડી શકે ? આ ભીંત જોડે એક દહાડો માથું અથડાયું તો આપણે એની જોડે શું કરવું ? માથું અથડાયું એટલે આપણે ભીંત જોડે વઢવાડ થઈ એટલે આપણે ભીંતને માર માર કરવી ? એમ આ ખૂબ ક્લેશ કરાવતું હોય તો તે બધી ભીંતો છે ! આમાં સામાને શું જોવાનું ? આપણે આપણી મેળે સમજી જવાનું કે આ ભીંત જેવા છે. આવું સમજવાનું પછી કોઈ મુશ્કેલી નથી.

**પ્રશ્નકર્તા :** આપણે મૌન રહીએ તો સામાને ઊંધી અસર થાય છે કે આમનો જ દોષ છે ને એ વધારે ક્લેશ કરે ?

**દાદાશ્રી :** આ તો આપણે માની લીધું છે કે હું મૌન થયો તેથી આવું થયું. રાત્રે માણસ ઊઠ્યો ને બાથરૂમમાં જતા અંધારામાં ભીંત જોડે અથડાયો, તો ત્યાં આપણે મૌન રહ્યા તેથી તે અથડાઈ ?

મૌન રહો કે બોલો તેને સ્પર્શતું જ નથી, કંઈ લાગતું-વળગતું નથી. આપણા મૌન રહેવાથી સામાને અસર થાય છે એવું કશું હોતું નથી કે આપણા બોલવાથી અસર થાય છે એવું પણ કશું હોતું નથી. 'ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' (માત્ર વૈજ્ઞાનિક સંયોગિક પુરાવા) છે. કોઈની આટલી સત્તા નથી. આટલીય સત્તા વગરનું જગત, એમાં કોઈ શું કરવાનું છે ? આ ભીંતને જો સત્તા હોય તો આને સત્તા હોય ! આ ભીંતને વઢવાની આપણને સત્તા છે ? એવું સામાને છે.

અને એના નિમિત્તે જે અથડામણ છે એ તો છોડવાની નથી. નકામી બૂમાબૂમ કરવાનો શો અર્થ ? એના હાથમાં સત્તા જ નથી ત્યાં ! માટે તમે ભીંત જેવા થઈ જાઓ ને ! તમે બૈરીને ટૈડકાવ ટૈડકાવ કરો તો તેની મહીં ભગવાન બેઠેલા છે. તે નોંધ કરે કે આ મને ટૈડકાવે છે. અને તમને એ ટૈડકાવે ત્યારે તમે ભીંત જેવા થઈ જાઓ, તો તમારી મહીં બેઠેલા ભગવાન તમને હેલ્પ કરે.

આ ભીંત જોડે મતભેદ પાડો તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** માથું ફૂટે.

**દાદાશ્રી :** માથું ફૂટી જાય, ત્યારે ભીંતને પછી વાંધો છે ? માટે મતભેદ ના કરવો. ભીંતને તો શું લેવાદેવા છે ? માટે ભૂલ આપણી હોય તો જ ભીંત અથડાય છે. એમાં ભીંતની ભૂલ નથી. ત્યારે મને લોકો કહે છે, કે 'આ લોકો બધા કંઈ ભીંત છે ?' ત્યારે હું કહું છું, કે 'હા, લોકો એ પણ ભીંત જ છે. એ હું જોઈને કહું છું, આ કંઈ ગપ્પું નથી.

કોઈની જોડે મતભેદ પડવો અને ભીંત જોડે અથડાવું એ બે સરખી વસ્તુ છે, એ બેમાં ફેર નથી. આ ભીંતની જોડે અથડાય છે, એ નહીં દેખાવાથી અથડાય છે, ને પેલો મતભેદ પડે છે તે પણ નહીં દેખાવાથી મતભેદ પડે છે. આગળનું એને દેખાતું નથી, આગળનું એને સૉલ્યુશન જડતું નથી એટલે મતભેદ પડે છે. આ ક્રોધ થાય છે, તે પણ નહીં દેખાવાથી ક્રોધ થાય છે. આ ક્રોધ-માન-માયા-લોભ બધું કરે છે એ નહીં દેખાવાથી જ બધું કરે છે ! તે આમ વાતને સમજવી જોઈએ ને ?

## એડજસ્ટ થતા આવડે તે માણસ

હંમેશાં દરેક અથડામણમાં બન્નેને નુકસાન થાય. તમે સામાને દુઃખ આપો ને તેની સાથે તમને દુઃખ એમ ને એમ ઑન ધી મૉમેન્ટ પડ્યા વગર રહે જ નહીં. એ અથડામણો છે, એટલે મેં આ દાખલો આપ્યો છે કે રોડ ઉપરના વાહનવ્યવહારનો શો ધર્મ છે કે અથડાશો તો તમે મરી જશો. અથડાવામાં જોખમ છે માટે કોઈની જોડે અથડાશો નહીં. એવી રીતે આ વ્યવહારિક કાર્યોમાં પણ અથડાશો નહીં. અથડાવામાં જોખમ જ છે હંમેશાં. અને અથડાવાનું કોઈક દહાડો બને છે, કંઈ મહિનામાં બસો વખત થાય છે ? મહિનામાં કેટલા વખત આવે છે એવું ?

**પ્રશ્નકર્તા :** કો'ક વખત, બે-ચાર વખત.

**દાદાશ્રી :** હં, તે એટલા (પ્રસંગો) સુધારી લેવા આપણે. મારું કહેવાનું, શા માટે આપણે બગાડીએ ? પ્રસંગોને બગાડવા એ આપણને શોભે નહીં. આ છે તે ટ્રાફિકના લૉઝ બધા. એ લૉના આધારે ચાલે છે, ટ્રાફિકના, એમાં પોતાની સમજણે કોઈ ના ચાલે ને ? આ ટ્રાફિકના લૉમાં અને આમાં પોતાની સમજણે જ કાયદા, નહીં ? આ તો કોઈ દહાડો અડચણ નથી આવતી. એ કેવું સરસ ટ્રાફિક ગોઠવાયેલું છે ! હવે આ જો કાયદા તમે સમજીને ચાલો, તો ફરી અડચણ નહીં આવે. એટલે આ કાયદાઓ સમજવામાં ભૂલ છે. કાયદા સમજાવનાર સમજદાર હોવો જોઈએ.

આ ટ્રાફિકના લૉઝ પાળવા માટે તમે નિશ્ચય કરેલા હોય છે, તો કેવા સરસ પળાય છે ! કેમ એમાં અહંકાર જાગતો નથી કે ભલે એ કહે પણ આપણે આમ જ કરવું છે.

**પ્રશ્નકર્તા :** પેલો ટિકિટ આપી દે ને, મામો ! (પોલીસવાળો દંડ કરે ને !)

**દાદાશ્રી :** કારણ કે એ ટ્રાફિકના લૉઝમાં એ પોતે જ, બુદ્ધિ એટલું બધું સમજી શકે છે, સ્થૂળ છે એટલે, કે હાથ કપાઈ જશે, તરત મરી જઈશ. એવું આ અથડામણ કરીને આમાં મરી

જઈશ એ ખબર નથી. પેલી બુદ્ધિ પહોંચી શકતી નથી. આ સૂક્ષ્મ વસ્તુ છે. આના નુકસાન બધા સૂક્ષ્મ થાય છે !

એટલે એડજસ્ટ થતા ના આવડે એ માણસને માણસ કેમ કહેવાય ? સંજોગોને વશ થઈને એડજસ્ટ થઈ જાય એ ઘરમાં કશુંય ભાંજગડ ના થાય. અમેય હીરાબાને એડજસ્ટ થતા જ આવ્યા હતા ને ! એમનો લાભ ઉઠાવવો હોય તો એડજસ્ટ (થઈને) રહો. આ તો લાભેય કોઈ વસ્તુનો નહીં અને વેર બાંધશે તે જુદું ! કારણ કે જીવ સ્વતંત્ર છે દરેક. અને પોતે સુખ ખોળવા આવ્યા છે. બીજાને (સુખ) આપવા એ આવ્યો છે, એવું નથી. એને શું ? પોતે (સુખ) ખોળવા આવ્યો છે. હવે એને સુખને બદલે દુઃખ મળે એટલે પછી વેર બાંધે, પછી બૈરી હોય કે છોકરો હોય.

## બન્ને નિશ્ચય કરે તો પડશે મેળ

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં રહેવાનું તો એડજસ્ટમેન્ટ એકપક્ષી તો ના હોવું જોઈએ ને ?

**દાદાશ્રી :** વ્યવહાર તો એનું નામ કહેવાય કે એડજસ્ટ થઈએ. એટલે પડોશીય કહે કે 'બધા ઘેર ઝઘડા છે, પણ આ ઘેર ઝઘડો નથી.' એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલા એડજસ્ટમેન્ટ લેશો તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જાય. સાચી સમજણ તો બીજી બધી સમજણને તાળાં વાગશે ત્યારે જ થશે. સુંવાળા જોડે તો સહુ કોઈ એડજસ્ટ થાય પણ વાંકા-કઠણ-કડક જોડે, બધા જ જોડે એડજસ્ટ થતા આવડ્યું તો કામ થઈ ગયું. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે એડજસ્ટ થતા આવડે, મગજ ખસે નહીં તે કામનું ! ભડકે તો ચાલે નહીં. જગતની કોઈ વસ્તુ આપણને ફિટ થાય નહીં. આપણે એને ફિટ થઈએ, તો આ દુનિયા સરસ છે. અને એને ફિટ કરવા જઈએ તો દુનિયા વાંકી છે. એટલે એડજસ્ટ એવરીવ્હેર ! આપણે એને ફિટ થઈએ ને, તો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એમ બને કે એક સમયે બે જણ સાથે એડજસ્ટમેન્ટ એક જ વાત પર લેવાનું હોય તો તે જ વખતે બધે શી રીતે પહોંચી વળાય ?

**દાદાશ્રી :** બેઉ જોડે લેવાય. અરે, સાત જણ જોડે લેવાનું હોય તેય લઈ શકાય. એક પૂછે, 'મારું શું કર્યું ?' ત્યારે કહીએ, 'હા બા, તારા કહ્યા પ્રમાણે કરીશું.' બીજાનેય એમ કહીએ, 'તમે કહેશો તેમ કરીશું.' 'વ્યવસ્થિત'ની બહાર થવાનું નથી, માટે ગમે તે રીતે ઝઘડો ના ઊભો કરશો. મુખ્ય વસ્તુ એડજસ્ટમેન્ટ છે. 'હા'થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ 'વ્યવસ્થિત'ની બહાર કંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

ઘરના ધણી-ધણિયાણી બેઉ જણ નિશ્ચય કરે કે મારે એડજસ્ટ થવું છે, તો બન્નેનો ઉકેલ આવે. એ વધારે ખેંચે તો આપણે એડજસ્ટ થઈ જવું તો ઉકેલ આવે. આ સમજવા જેવું છે. ભાંજગડ કશી જ કરવાની નહીં, એડજસ્ટ એવરીવ્હેર.

જેને એડજસ્ટ થવાની કળા આવડી એ દુનિયામાંથી મોક્ષ તરફ વળ્યો. એડજસ્ટમેન્ટ થયું એનું નામ જ્ઞાન. જે એડજસ્ટમેન્ટ શીખી ગયો તે તરી ગયો. ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે, પણ એડજસ્ટમેન્ટ આવડે એને વાંધો ના આવે, હિસાબ ચોખ્ખો થઈ જાય.

## ડિસ્એડજસ્ટમેન્ટ એ જ મૂર્ખાઈ

**પ્રશ્નકર્તા :** એડજસ્ટમેન્ટની વાત છે, એની પાછળ ભાવ શું છે ? પછી ક્યાં આવવું ?

**દાદાશ્રી :** ભાવ શાંતિનો છે, શાંતિનો હેતુ છે. અશાંતિ ઉત્પન્ન નહીં કરવાનો કીમિયો છે. ‘દાદા’નું એડજસ્ટમેન્ટનું વિજ્ઞાન છે, અજાયબ એડજસ્ટમેન્ટ છે આ. અને જ્યાં એડજસ્ટ નહીં થાય ત્યાં તેનો સ્વાદ તો આવતો જ હશે ને તમને ? આ ડિસ્એડજસ્ટમેન્ટ એ જ મૂર્ખાઈ છે. એડજસ્ટમેન્ટને અમે ન્યાય કહીએ છીએ, આગ્રહ-દુરાગ્રહ એ કંઈ ન્યાય ના કહેવાય. કોઈ પણ જાતનો આગ્રહ એ ન્યાય નથી. અમે કશાનો કક્કો ના પકડીએ. જે પાણીએ મગ ચઢે એનાથી ચઢાવીએ, છેવટે ગટરના પાણીએ પણ ચઢાવીએ !

અહીં ઘેર એડજસ્ટ થતા આવડતું નથી ને આત્મજ્ઞાનના શાસ્ત્રો વાંચવા બેઠા હોય ! અલ્યા, મેલ ને પૂળો અહીંથી, પહેલું ‘આ’ શીખ ને ! ઘરમાં એડજસ્ટ થવાનું તો કશું આવડતું નથી. આવું છે આ જગત ! એટલે કામ કાઢી લેવા જેવું છે.

‘જ્ઞાની’ તો સામો વાંકો હોય તોય તેની જોડે એડજસ્ટ થાય. ‘જ્ઞાની પુરુષ’ને જોઈને ચાલે તો બધી જાતના એડજસ્ટમેન્ટ કરતા આવડી જાય. આની પાછળ સાયન્સ (વિજ્ઞાન) શું કહે છે કે વીતરાગ થઈ જાઓ, રાગ-દ્વેષ ના કરો. આ તો મહીં કંઈક આસક્તિ રહી જાય છે, તેથી માર પડે છે.

### સ્ત્રી છે તારું કાઉન્ટર વેઈટ

**પ્રશ્નકર્તા :** હું વાઈફ જોડે બહુ એડજસ્ટ થવા જાઉં છું, પણ થવાતું નથી.

**દાદાશ્રી :** બધું હિસાબસર છે ! વાંકા આંટા ને વાંકી નટ, ત્યાં સીધી નટ ફેરવે તો શી રીતે ચાલે ? તમને એમ થાય કે આ સ્ત્રી જાતિ આવી કેમ ? પણ સ્ત્રી જાતિ તો તમારું કાઉન્ટર વેઈટ છે. જેટલો આપણો વાંક એટલી એ વાંકી એટલે તો અમે બધું ‘વ્યવસ્થિત’ છે, એવું કહ્યું છે ને ?

**પ્રશ્નકર્તા :** બધા જ આપણને સીધા કરવા આવ્યા હોય એમ લાગે છે.

**દાદાશ્રી :** તે સીધા કરવા જ જોઈએ તમને. સીધા થયા સિવાય દુનિયા ચાલે નહીં ને ! સીધો થાય નહીં તો બાપ શી રીતે થાય ? સીધો થાય તો બાપ થાય. સ્ત્રી જાતિ એવી છે કે એ ના ફરે, એટલે આપણે ફરવું પડશે. એ સહજ જાતિ છે, એ ફરે એવી નથી.

વાઈફ એ શું વસ્તુ છે ?

**પ્રશ્નકર્તા :** આપ કહો.

**દાદાશ્રી :** વાઈફ ઈઝ ધી કાઉન્ટર વેઈટ ઑફ મેન. એ જો કાઉન્ટર વેઈટ ના હોય તો ગબડી પડે માણસ.

**પ્રશ્નકર્તા :** એ ના સમજાયું.

**દાદાશ્રી :** આ ઈન્જીનમાં કાઉન્ટર વેઈટ મૂકવામાં આવે છે, નહીં તો ઈન્જીન ચાલતું ચાલતું ગબડી પડે. એવું આ મનુષ્યને કાઉન્ટર વેઈટ સ્ત્રી છે. તે સ્ત્રી હોય તો ગબડી ના પડે. નહીં તો દોડધામ કરીને કાંઈ ઠેકાણે હોય નહીં, આ આજે અહીં હોય ને કાલે ક્યાંનો ક્યાંય હોય ! આ સ્ત્રી છે તે પાછો ઘેર આવે છે. નહીં તો આ આવે કે ?

**પ્રશ્નકર્તા :** ના આવે.

**દાદાશ્રી :** એ કાઉન્ટર વેઈટ છે એનું. પુરુષોને માટે સ્ત્રીઓ એ કાઉન્ટર વેઈટ છે. તે ઓછું પડે ત્યાં છોડીઓ કાઉન્ટર વેઈટ છે. કાઉન્ટર વેઈટ વિના ચાલે જ નહીં, નહીં તો ઊથલી પડે !

સંસારમાં ભલે બીજું કશું ના આવડે, કંઈ વાંધો નથી. ધંધો કરતા ઓછો આવડે તો વાંધો નથી, પણ એડજસ્ટ થતા આવડવું જોઈએ. એટલે વસ્તુસ્થિતિમાં એડજસ્ટ થતા શીખવું જોઈએ. આ કાળમાં એડજસ્ટ થતા ના આવડે તો માર્યો જઈશ.

## જ્ઞાની શીખવે કાઉન્ટર પુલી ગોઠવતા

કોઈક દહાડે રાતે વાઈફ કહે, 'પેલી સાડી મને નહીં લઈ આપો ? મને પેલી સાડી લઈ આપવી પડશે.' ત્યારે પેલો કહે કે 'કેટલી કિંમતની તેં જોઈ હતી ?' ત્યારે કહે, 'બાવીસસો રૂપિયાની છે, વધારે નથી !' તો આ કહે 'તમે બાવીસસોની જ છે, કહો છો પણ મારે અત્યારે પૈસા લાવવા કઈ રીતે ? અત્યારે અહીં મારે સાંધા તૂટે છે. બસો-ત્રણસોની હોય તો લઈ આપું, પણ તું બાવીસસોની કહું છું.' એ (વાઈફ) રિસાઈને બેસી રહ્યા. હવે શી દશા થાય તે ! પેલાના મનમાં એમેય થાય કે બળ્યો, આથી ના પૈણ્યો હોય તો સારું ! પૈણ્યા પછી પસ્તાય એ શું કામમાં લાગે ? એટલે આ દુઃખો છે.

**પ્રશ્નકર્તા :** આપ એમ કહેવા માંગો છો કે બાઈને બાવીસસો રૂપિયાની સાડી લઈ આપવાની ?

**દાદાશ્રી :** લઈ આપવી કે ના લઈ આપવી એ તમારી આવડત ઉપર આધાર રાખે છે. રિસાઈને રોજ રાત્રે 'ખાવાનું નહીં કરું', કહેશે. ત્યારે શું કરીએ આપણે ? ક્યાંથી રસોઈયા લઈ આવીએ ? એટલે પછી દેવું કરીને પણ લઈ આપવી પડે ને ?

એવું બનાવી દો આપણે કે સાડી એની મેળે લાવે જ નહીં. જો આપણને મહિનાના આઠસો પાઉન્ડ મળતા હોય, એટલે આપણે સો પાઉન્ડ આપણા ખર્ચ માટે રાખી અને સાતસો એમને આપી દઈએ પછી આપણને કહે કે સાડી લઈ આપો ? અને ઊલટી આપણે મશ્કરી કરવી, 'પેલી સાડી સરસ છે, કેમ લાવતા નથી ?' એનો વેંત એણે કરવાનો હોય ! આ તો આપણે વેંત કરવાનો હોય ત્યારે આપણી પર જોર કરે. આ બધી કળા હું જ્ઞાન થતા પહેલા શીખેલો, પછી જ્ઞાની થયો. બધી કળાઓ મારી પાસે આવી ત્યારે મને જ્ઞાન થયું છે. તો બોલો, આ કળા નથી તેથી જ આ દુઃખ છે ને !

હું દરેક માણસની જોડે કાઉન્ટર પુલી નાખી દઉં. એકલો અહંકાર કાઢી નાખવાથી જ વળે તેમ નથી, કાઉન્ટર પુલી પણ દરેકની જોડે નાખવી પડે. તેથી તો અમારે કોઈની જોડે મતભેદ જ ના થાય ને ! અમે જાણીએ કે આ ભાઈના આટલા જ રિવોલ્યુશન છે. એટલે તે પ્રમાણે હું કાઉન્ટર પુલી ગોઠવી દઉં.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ સામાના લેવલ ઉપર આવે તો જ વાત થાય ?

**દાદાશ્રી :** હા, એના રિવોલ્યુશન પર આવે તો જ વાત થાય. આ તમારી જોડે વાતચીત કરતા અમારા રિવોલ્યુશન ક્યાંના ક્યાં જઈ આવે ! આખા વર્લ્ડમાં ફરી આવે ! કાઉન્ટર પુલી તમને નાખતા ના આવડે, તેમાં ઓછા રિવોલ્યુશનવાળા એન્જિનનો શો દોષ ? એ તો તમારો દોષ કે કાઉન્ટર પુલી નાખતા ના આવડી !

આપણે કાઉન્ટર પુલી ના ગોઠવીએ તો પેલાને પટ્ટો તૂટી જાય. આ તો મેં મારી જાતે આ થીયરીની શોધખોળ કરેલી. તે પહેલા સામસામી અથડાતું હતું, તે બધું કાઉન્ટર પુલી નાખવાથી બંધ થઈ ગયું.

## કાઉન્ટર પુલીથી ટળે મતભેદ

આ મતભેદ પડવાનું કારણ શું ? તમારી વાઈફને સો રિવોલ્યુશન હોય ને તમારા પાંચસો રિવોલ્યુશન હોય અને તમને વચ્ચે કાઉન્ટર પુલી નાખતા આવડે નહીં એટલે તણખા ઝરે, ઝઘડા થાય. અરે ! કેટલીક વાર તો એન્જિન હઉ તૂટી જાય. રિવોલ્યુશન સમજ્યા તમે ? તમારા પાંચસો હોય, કોઈને હજાર હોય, કોઈને બારસો હોય. જેવું જેનું ડેવલપમેન્ટ હોય તે પ્રમાણે રિવોલ્યુશન હોય. વચ્ચે કાઉન્ટર પુલી નાખો તો જ એને તમારી વાત પહોંચે. કાઉન્ટર પુલી એટલે તમારે વચ્ચે પટ્ટો નાખી તમારા રિવોલ્યુશન ઘટાડી નાખવા પડે.

બેના રિવોલ્યુશન સરખા કરવા માટે કાઉન્ટર પુલી ગોઠવવી પડે. તે આ હસબન્ડને વાઈફની જોડે કાઉન્ટર પુલી ગોઠવતા ના આવડે એટલે પછી ઝઘડો જ થાય ને ! કાઉન્ટર પુલી જુદી નાખીને વાતચીત કરો. એટલે સામાને આપણી વાત પહોંચે.

આપણે પહેલા આપણો મત ના મૂકવો. સામાને પૂછવું કે આ બાબતમાં તમારે શું કહેવું છે ? સામો એનું પકડી રાખે તો અમે અમારું છોડી દઈએ. આપણે તો એટલું જ જોવાનું કે કયે રસ્તે સામાને દુઃખ ના થાય. આપણો અભિપ્રાય સામા ઉપર બેસાડવો નહીં. સામાનો અભિપ્રાય આપણે લેવો. અમે તો બધાનો અભિપ્રાય લઈને 'જ્ઞાની' થયા છીએ. હું મારો અભિપ્રાય કોઈ પર બેસાડવા જાઉ તો હું જ કાચો પડી જાઉ. આપણા અભિપ્રાયથી કોઈને દુઃખ ના હોવું જોઈએ. તારા રિવોલ્યુશન અઢારસોના હોય ને સામાના છસોના હોય ને તું તારો અભિપ્રાય એના પર બેસાડે તો સામાનું એન્જિન તૂટી જાય. એના બધા ગીયર બદલવા પડે.

## જરૂર બાળ ભાષાની, બાળક જોડે

**પ્રશ્નકર્તા :** તમે આ કાઉન્ટર પુલી ગોઠવવાની ને એ બધી જે વાત કરી, આ તો ટેકનિકલ મેટર છે.

**દાદાશ્રી :** હા, ટેકનિકલ છે.

**પ્રશ્નકર્તા :** તે આમાં તો અહંકારથી પુલી ગોઠવાય, પણ કોઈ માણસની સાથે વાતો કરવામાં પેલો એટલો બધો મિકેનિકલ થઈ જાય છે, કે એની જાગૃતિ જતી રહે છે.

**દાદાશ્રી :** માણસ જાત તો બહુ ચોક્કસ જાત છે. માણસ કંઈ ઘેલી જાત નથી. લોકો એ માણસ જાતની ઉપર પોતે અજ્ઞાન ઓઢે છે. નહિ તો કોઈ માણસ એવો નથી. આવડા નાના ચાર વર્ષના છોકરાંને એવું કહે, કે 'તું અક્કલ વગરનો છે, મારું સમજતો નથી ?' ત્યાં કેવી રીતે બોલાય ? આ છોકરાંની જોડે લોકો કાલી કાલી ભાષામાં બોલે. આ ત્રણ-ચાર વર્ષની ઉંમરના છોકરાં જોડે મોટી ઉંમરના છોકરાં જેવું ના બોલે. શાથી એવું ના બોલે ?

**પ્રશ્નકર્તા :** એને એની ભાષામાં વાત કરવી જોઈએ.

**દાદાશ્રી :** પોતે બધું સમજે છે કે આ બાળક છે. આપણે બાળક ભાષામાં વાત કરો, નહીં તો એ બિચારો સમજશે નહીં. એને તો કહેવું, 'જો બાબા, આ રમકડું પેલા જેવું છે ને ? તે પેલું જોયું હતું ને ?' એમ બે-ચાર વખત કહેવું. ત્યારે એ કહેશે, 'હા.' ત્યારે આપણે જાણીએ કે આ મહીં પહોંચ્યું. હવે એવી રીતે આની જોડે આપણે વાત કરવી જોઈએ. આપણે જાણીએ કે આનું ડલ મગજ છે. એટલે આપણે જાણીએ કે બાળક જેવી અવસ્થા છે, એટલે 'બાબા, બાબા' કરવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ બાળકની અવસ્થા સમજવામાં ચેતનતાનો ઉપયોગ જોઈએ.

**દાદાશ્રી :** અરે, અજ્ઞાન દશામાંય બાળક જોડે એની મા સુંદર વ્યવહાર કરે છે. બાળકની જોડે એની મા સુંદર વ્યવહાર નહીં કરતી હોય ? એ કોણે શીખવાડ્યું એમને ?

**પ્રશ્નકર્તા :** એ તો કુદરતી છે.

**દાદાશ્રી :** કુદરતી નહીં, આવી બધી આપણી અંદર જાગૃતિ છે. પણ મોટી ઉંમરનો થાય છે એટલે પાછો અહમ્ બહુ ઊભો થાય છે. ત્યાં તમને એમ થાય કે આ તો મોટો થયેલો છે. આ આવું કેમ કરે છે ? નાનાને આવું હોય, મોટાને પણ હોય ? પણ મોટાને બીજી ભાષામાં તું સમજ કે

આ નાના કરતાંય મોટો ભૂંડો છે બિચારો ! એટલે મોટો ડલ લાગે તો આપણે જાણવું કે ત્રણ વર્ષનું છોકરું છે. એટલે એની જોડે એવું આપણે વર્તન રાખવું જોઈએ.

## સરખાપણાનો દાવ આપી પ્રકૃતિ ઓળખો

**પ્રશ્નકર્તા :** મારા લગ્ન થયા પછી અમે બન્ને વ્યક્તિઓ એકબીજાને ઓળખીએ છીએ અને લાગે છે કે પસંદગીમાં ભૂલ થઈ ગઈ, કોઈના સ્વભાવનો કોઈ મેળ ખાતો નથી, તો બન્નેના મેળ કેમ અને કઈ કઈ રીતે કરવા કે જેથી સુખી થવાય ?

**દાદાશ્રી :** આ તમે જે કહો છો ને, આમાં એકેય વાક્ય સાચું નથી. પહેલું વાક્ય તો લગ્ન થયા પછી બન્ને વ્યક્તિ એકબીજાને ઓળખે, પણ એ નામેય ઓળખતા નથી. જો ઓળખાણ થાય તો આ ભાંજગડ જ ના થાય. જરાય ઓળખતા નથી.

મેં તો એક બુદ્ધિના ડિવિઝનથી બધો મતભેદ બંધ કરી દીધેલો. પણ હીરાબાની ઓળખાણ મને ક્યારે પડી ? સાઠ વર્ષે હીરાબાની ઓળખાણ પડી ! ૧૫ વર્ષનો હતો ત્યારે પૈણ્યો, ૪૫ વર્ષ સુધી એમને નિરીક્ષણ કર કર કર્યા ત્યારે મેં એમને ઓળખ્યા કે આવા છે.

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન થયા પછી ઓળખાયા ?

**દાદાશ્રી :** હા, જ્ઞાન થયા પછી ઓળખાયા. નહીં તો ઓળખાણ જ ના પડે, માણસ ઓળખી શકે જ નહીં. માણસ પોતાની જાતને ઓળખી શકતો નથી કે હું કેવો છું ! એટલે આ વાક્ય 'એકબીજાને ઓળખે છે,' એ બધી વાતમાં કશું માલ નથી અને પસંદગીમાં ભૂલ થઈ નથી.

**પ્રશ્નકર્તા :** હીરાબાને કઈ રીતે ઓળખ્યા તમે ? એવું શું કર્યું કે જેથી ઓળખાણ પડી ?

**દાદાશ્રી :** પ્રકૃતિ કેવી છે તે બધું જોઈ લીધું. જોવાનો અભ્યાસ કરવા માંડ્યા, પ્રકૃતિ કેવી છે તે અને મનુષ્ય, જીવમાત્ર પ્રકૃતિના આધીન છે, સ્વાધિન નથી.

**પ્રશ્નકર્તા :** હીરાબાની ઓળખાણ તમને સાંઈઠમે વર્ષે પડી ?

**દાદાશ્રી :** ઓળખાણ સાઠ વર્ષે પડી મહાપરાણે. તોય મહીં મતભેદ પડી જાય, નહીં ? તે દહાડે પછી મતભેદ પડી ગયો હતો ને ?

આ જ્ઞાન થયું'તું તોય એક દહાડો મતભેદ પડી ગયો'તો. તે પછી બીજે દહાડે જઈને કહી આવ્યો. મેં કહ્યું, 'હં, ભૂલ થઈ મારી કાલે.' ત્યારે કહે, 'ના, તમારી શાની ભૂલ ?' ઓળખાણ પડે તો આ ડખલ જ નથી.

મિત્રને ઓળખીએ છીએ સારી રીતે. તેય પૂરું નહીં પણ અમુકનો ઉદય ઓળખીએ છીએ. મિત્રની ઓળખાણ પડવાનો પ્રયત્ન શાથી કરીએ છીએ કે 'આપણે બંધન નથી ને ત્યાં બંધન બાંધવું છે.' રિયલી સ્પીકિંગ બંધન નથી અને પ્રેમથી બાંધવું છે ને, એટલે ઝીણવટથી એને ઓળખ ઓળખ ઓળખ કરીએ છીએ અને આ વાઈફને તો 'માર ઊંધું ને કર સીધું', ઓળખવાનો પ્રયત્ન જ નહીં.

**પ્રશ્નકર્તા :** એ સમજાવો કે કઈ રીતે ઓળખવું ? ધીમે ધીમે સૂક્ષ્મ રીતે પતિએ પત્નીને પ્રેમથી કેવી રીતે ઓળખવી, એ સમજાવો.

**દાદાશ્રી :** ઓળખાય ક્યારે ? એક તો સરખાપણાનો દાવ આપીએ ત્યારે. એને સ્પેસ આપવી જોઈએ. જેમ આપણે રમવા બેસીને સામાસામી ચોકઠાં, તે ઘડીએ સરખાપણાનો દાવ હોય છે, તો રમતમાં મઝા આવે. પણ આ તો સરખાપણાનો દાવ શું આપે ? જ્યારે અમે સરખાપણાનો દાવ આપીએ.

**પ્રશ્નકર્તા :** કઈ રીતે આપો ? પ્રેક્ટિકલી કેવી રીતે આપો ?

**દાદાશ્રી :** મનથી એમને જુદું જાણવા ના દઈએ. એ અવળું-હવળું બોલે તોય પણ સરખા હોય એવી રીતે, એટલે પ્રેસર ના લાવીએ. એટલે સામાની પ્રકૃતિ ઓળખી લેવાની કે આ પ્રકૃતિ આવી છે ને આવી છે. પછી બીજી રીતો ખોળી કાઢવાની. હું બીજી રીતે કામ નથી લેતો બધા લોકોની પાસે ? મારું કહેલું કરે કે ના કરે બધા ? કરે, કારણ કે એ આવડત હતી એટલે નહીં, હું બીજી રીતે કામ લઉં છું.

જ્ઞાન ના આપેલું હોય તો બીજી રીતે કામ લઈ શકે નહીં. તમને જ્ઞાન આપેલું છે, માટે તમે બીજી રીતે કામ લઈ શકો. તે બીજી રીતે કહો તો બહુ ફેરફાર થાય. જ્ઞાન લીધા પહેલા જે રીતે કહેતા હતા, એ જ્ઞાન લીધા પછીનામાં ફેરફાર કરવાનું કહું છું.

## પ્રકૃતિનું સાયન્સ સમજી ઉકેલ લાવો

એક ભાઈ મને કહે કે 'દાદા, ઘરમાં મારી બૈરી આમ કરે છે ને તેમ કરે છે.' ત્યારે મેં તેને કહ્યું કે 'બેનને પૂછો તો એ શું કહે છે, કે મારો ધણી આવો નાગો છે, અક્કલ વગરનો છે. હવે આમાં તમારો એકલાનો ન્યાય શું કરવા ખોળો છો ?' ત્યારે એ ભાઈ કહે કે 'મારું ઘર તો બગડી ગયું છે. છોકરાં બગડી ગયા છે, બૈરી બગડી ગઈ છે.' મેં કહ્યું, 'કશું બગડી નથી ગયું. તમને એ જોતા આવડતું નથી. તમારું ઘર તમને જોતા આવડવું જોઈએ. દરેકની પ્રકૃતિ ઓળખતા આવડવી જોઈએ.'

ઘરમાં એક જણ કચકચ કરતું હોય તો એ તો એનો સ્વભાવ જ છે. એટલે આપણે એક ફેરો સમજી જવાનું કે આ આવું છે. તમે ઓળખી જાવ ખરા કે આ આવું જ છે ? પછી એમાં ફરી તપાસ કરવાની જરૂર ખરી ? આપણે ઓળખી જઈએ એટલે તપાસ કરવાની ના રહે. કેટલાકને રાતે મોડું સૂઈ જવાની ટેવ હોય અને કેટલાકને વહેલું સૂઈ જવાની ટેવ હોય. તે બન્નેને મેળ શી રીતે પડે ? અને એક કુટુંબમાં બધા ભેગા રહે. તે શું થાય ? ઘરમાં એક જણ એવું બોલનારો નીકળે કે તમારામાં તો અક્કલ ઓછી છે. તો આપણે એવું જાણવું કે આ આવું જ બોલવાનો છે, એટલે આપણે એડજસ્ટ થઈ જવું. એને બદલે પછી આપણે સામો જવાબ આપીએ તો આપણે થાકી જઈએ. કારણ કે એ તો આપણને અથડાયો. પણ આપણે અથડાઈએ તો આપણને પણ આંખો નથી એમ ખાતરી થઈ ગઈ ને ? હું એ સાયન્સ કહેવા માગું છું કે પ્રકૃતિનું સાયન્સ જાણો. બાકી આત્મા એ જુદી વસ્તુ છે.

અત્યારે કળિયુગમાં એક જ ઘરે જુદા જુદા છોડવા હોય. એટલે ઘર બગીચા રૂપે થયું છે, પણ આ તો જોતા નથી આવડતું, એનું શું થાય ? તેને દુઃખ જ થાય ને ! ને જગતની આ જોવાની દૃષ્ટિ નથી. બાકી કોઈ ખરાબ હોતું જ નથી. આ મતભેદ તો પોતાના અહંકારને લઈને છે. જેને જોતા નથી આવડતું તેનો અહંકાર છે ! મને અહંકાર નથી તો મને આખી દુનિયા જોડે મતભેદ જ નથી પડતો.

પ્રકૃતિ આ કળિયુગમાં ખેતરરૂપે નથી, બગીચા રૂપે છે. એક ચંપો, એક ગુલાબ, મોગરો, ચમેલી એમ બધું છે. તે ફૂલાં બધા લડે છે. પેલા કહેશે કે 'મારું આવું છે' ને પેલો કહેશે કે 'મારું આવું છે', ત્યારે એક કહેશે કે 'તારા કાંટા. જા, તારી જોડે કોણ ઊભું રહે ?' આમ ઝઘડા ચાલ્યા કરે છે. આપને સમજાયું ને ?

**પ્રશ્નકર્તા :** હાજી. એટલે જ કહીએ છીએ કે હવે તો જીવનમાં શાંતિનો સરળ માર્ગ જોઈએ છે.

**દાદાશ્રી :** 'એડજસ્ટ એવરીવ્હેર' આટલો જ શબ્દ જો તમે જીવનમાં ઉતારી નાખો, બહુ થઈ ગયું, તમારે શાંતિ એની મેળે ઊભી થશે. પહેલું છે તે છ મહિના સુધી અડચણો આવશે, પછી એની મેળે જ શાંતિ થઈ જશે. પહેલું છ મહિના પાછલા રીએક્શન આવશે, શરૂઆત મોડી કરી તે બદલના. માટે 'એડજસ્ટ એવરીવ્હેર !' એડજસ્ટમેન્ટ જો દરેક સંજોગોમાં કરતા આવડે તો, ઠેઠ મોક્ષે પહોંચી શકાય એવું ગજબનું હથિયાર છે.

## સંસારને નભાવે એ ખરા પતિ-પત્ની

એડજસ્ટમેન્ટ તો, તારી જોડે જે જે કોઈ ડિસ્એડજસ્ટ થવા આવે તેને તું એડજસ્ટ થઈ જા. રોજિંદા જીવનમાં જો સાસુ-વહુને કે દેરાણી-જેઠાણીને ડિસ્એડજસ્ટમેન્ટ થતું હોય તો જેને આ સંસાર ઘટમાળમાંથી છૂટવું હોય તેણે એડજસ્ટ થઈ જવું જોઈએ. એડજસ્ટ થવું એ જ ધર્મ છે. આ દુનિયામાં તો પ્લસ-માઈનસનું એડજસ્ટમેન્ટ કરવાનું હોય છે. માઈનસ હોય ત્યાં પ્લસ અને પ્લસ હોય ત્યાં માઈનસ કરવાનું. અમે તો અમારા ડહાપણનેય જો કોઈ ગાંડપણ કહે તો અમે કહીએ, 'હા, બરાબર છે.' તે માઈનસ તુર્ત કરી નાખીએ.

ધણી કોને કહેવાય ? સંસારને નભાવે તેને. પત્ની કોને કહેવાય ? સંસારને નભાવે તેને. સંસારને તોડી નાખે એને પત્ની કે ધણી કેમ કહેવાય ? એણે તો એના ગુણધર્મ જ ખોઈ નાખ્યા કહેવાય ને !

ધણી તો કોનું નામ કહેવાય ? પોતાની સ્ત્રી આમ એને જોતાની સાથે, નમ્રતા જાય નહીં કોઈ પણ ટાઈમે, એ ધણી કહેવાય. ત્યાં પ્રેમ હોય ! બાકી આને ધણી કેમ કહેવાય ? જેમ કૂતરી કૂતરા જોડે ઘૂરકિયાં કરે ને, એમ ઘૂરકિયાં કરતી હોય. બાઈનો ધણી થતા આવડ્યું ક્યારે કહેવાય ? બાઈ નિરંતર પૂજ્યતા અનુભવતી હોય ! ધણી તો કેવો હોય ? કોઈ દહાડો સ્ત્રીને, છોકરાંને હરકત ન પડવા દે એવો હોય. સ્ત્રી કેવી હોય ? કોઈ દહાડો ધણીને હરકત ના પડવા દે, એના જ વિચારમાં જીવતી હોય. (એને) મનમાં એમ બેસી જાય કે ઓહોહો ! આ દેવ જેવો માણસ છે !

## પ્રેમ-મિત્રાચારીથી નભાવાય જીવન

અત્યારે કોઈ બૈરી ધણીને દુઃખ દેતી હોય તો પૂર્વભવનું વેર હોય તો વાળે. આ બધું વેરથી બધું બંધાયેલું છે, પ્રેમથી નથી. પ્રેમ તો મતભેદ જ ના પડવા દે ! એનું નામ લાઈફ (જીવન) કહેવાય ! માટે એને પ્રેમ દેખાડ. અવળી હવળી હોય ને, તોય તું પ્રેમ દેખાડ. તો એક દહાડો એ પ્રેમને વશ થાય એવી વસ્તુ છે. સ્ત્રી જાતિ પ્રેમને વશ થાય એવી છે. બાકી બીજી રીતે વશ નથી થાય એવી. એને કશું જ જોઈતું નથી બિચારીને, ફક્ત પ્રેમ માંગે છે. ત્યારે ના માંગે એ પ્રેમ ? મા-બાપ છોડીને અહીંયા આવે તો પ્રેમ ના માગે ? એટલે ફ્રેન્ડ (મિત્ર) તરીકે રહેવું જોઈએ. જેમ ફ્રેન્ડ હોય ને, એવી રીતે જીવન જીવવું જોઈએ. પ્રેમથી ! ધણી તો ના થઈ જવું જોઈએ ને ?

મિનિટેય ભાંજગડ ના પડે એનું નામ ધણી. મિત્ર જોડે જેમ બગડવા નથી દેતા તેમ સાચવવું. મિત્ર જોડે ના સાચવે તો મિત્રતા તૂટી જાય. મિત્રાચારી એટલે મિત્રાચારી. એમને શર્ત કહી દેવાની, 'તું મિત્રાચારીમાં, જો આઉટ ઑફ મિત્રાચારી થઈ જાઉ તો ગુનો લાગી જશે. સંપીને મિત્રાચારી રાખ !'

પૈણ્યા, તે સમાજના ડર માટે પૈણ્યા, કે આપણને ડર રહે કે નાસી નહીં જવાય હવે. આજ વઢવાડ થઈને, નાસી જાય તો લોકો શું કહે ? એટલા હારુ પૈણવાનું. પછી મિત્રાચારી કરવી. મિત્રાચારીમાં કેવો સારો સંબંધ રાખે ? ફ્રેન્ડ જોડે સિન્સિયર રહે છે, એમ કે ફ્રેન્ડ ત્યાં

રહ્યો રહ્યો કહે કે મારો ફ્રેન્ડ આવો ! મારા માટે ખરાબ વિચાર કરે જ નહીં. તેમ આના માટે ખરાબ વિચાર ના થાય. ફ્રેન્ડ કરતા વધારે ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** કહેવાય, ખરી વાત છે.

**દાદાશ્રી :** આપણે તો હવે સમભાવે નિકાલ કરવાનો. ઘરમાં વાઈફ જોડે ફ્રેન્ડ તરીકે રહેવાનું. એ તમારા ફ્રેન્ડ ને તમે એમના ફ્રેન્ડ ! બે મિત્રો બધા સાચવી સાચવીને રહે છે, તો આ તો મિત્રો કરતાંય વધારે કહેવાય. આ તો ધણી ! બે મિત્રો કાયદેસર રહે છે, સાચવી સાચવીને મિત્રાચારી નભાવે છે અને મિત્રોમાં જો એવો કકળાટ થાય તો મિત્રો છૂટી જાય. પણ આ તો સ્ત્રી છૂટે નહીં, એ તો છૂટે શી રીતે ? સામાજિક બંધન છે, ક્યાં જાય ? એટલે માર ખાય પછી, ગાળો ખાય, સાંભળે અને સ્ત્રીઓય પછી સામી થાય.

## લડે-વઢે છતાં પ્રતિક્રમણથી છૂટાશે

એટલે એક ભઈ કહેતા'તા. મને કહે છે, વાઈફ જોડે મારે સાત કલાક સુધી છે તે વાક્યુદ્ધ ચાલ્યું. સવારથી ચાલ્યું, વઢમ્વઢા, તે સાત કલાક સુધી ચાલ્યું પણ મોઢે વાક્યુદ્ધ, પછી છેલ્લા આઠમા કલાકમાં કાયાયુદ્ધ ચાલુ થઈ ગયું. એણે મારા વાળ ઝાલ્યા ને મેંય આપવા માંડી. તે એય આ વાળ ખેંચીને તેલ કાઢવા માંડી. શું કહે છે ? કાયાયુદ્ધ એક કલાક બધું ! આઠ કલાક આમાં ને નવમા કલાકમાં તો અમે બે સાથે ચા પીતા'તા, કહે છે. કહે છે, અક્રમ વિજ્ઞાનનેય ધન્ય છે !

**પ્રશ્નકર્તા :** આઠ કલાક અક્રમ વિજ્ઞાન કંઈ ગયું ? નવમે કલાકે ક્યાંથી આવ્યું ?

**દાદાશ્રી :** ના, અક્રમ વિજ્ઞાન મહીં હતું જ. પણ આ પાઠ ભજવવાનો ને, તે એ આખી ફિલમ હતી.

**પ્રશ્નકર્તા :** આખી ફિલમ ઊતરેલી.

**દાદાશ્રી :** ફિલમ ઊતરેલી ભજવાઈ ગઈ. પછી અક્રમ વિજ્ઞાન હાજર થયું. ફિલમ ભજવાઈ ગઈ એટલે અક્રમ વિજ્ઞાન પાછું તૈયાર થઈને પછી નવમા કલાકમાં ચા-પાણી સાથે પી અને કહે છે, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલો, સામાસામી માફી માંગીને !

સંસાર વ્યવહાર ચલાવતા નિરંતર સમાધાનમાં રહેવાય એવું આ જ્ઞાન છે. નિરંતર સમાધિમાં રહી શકાય એવું આ જ્ઞાન છે. એટલે પછી આપણામાં કલુષિતભાવ રહ્યો જ ના હોય, પણ આપણે લીધે બીજાને પણ ક્લેશ ના થાય. પછી એ ચીડાતા હોય તોય ઠંડા પડી જાય. કારણ કે આ રસ્તામાં આપણને ઠોકર વાગી, તે આપણે એની જોડે ચીડાઈએ પણ એ ઠોકરને તો ઠંડું થઈ જવું પડે ને ! અને પેલી ચીડાય તો આપણે વધારે ચીડાઈએ અને આપણે જો ઠંડા થઈ જઈએ, તો પછી પેલી ચીડાય નહીં. ઠોકર જેવા, ભીંત જેવા થઈ જવું. આ બધા આમ સમભાવે નિકાલ કરે. એમને બધાનેય ઝઘડા હતા પણ અત્યારે ઝઘડો નથી, ઊલટા બેઉ સાથે ને સાથે.

**પ્રશ્નકર્તા :** કેટલાક સ્ત્રીથી કંટાળીને ઘરથી ભાગી છૂટે છે, તે કેવું ?

**દાદાશ્રી :** ના, ભાગેડુ શા માટે થઈએ ? આપણે પરમાત્મા છીએ. આપણે ભાગેડુ થવાની શી જરૂર છે ? આપણે એનો સમભાવે નિકાલ કરી નાખવો.

**પ્રશ્નકર્તા :** નિકાલ કરવો છે તો કઈ રીતે થાય ? મનમાં એવો ભાવ કરવો કે આ પૂર્વનું આવ્યું છે ?

**દાદાશ્રી :** એટલાથી નિકાલ ના થાય. નિકાલ એટલે તો સામાની જોડે ફોન કરવો પડે, એના

આત્માને ખબર આપવી પડે. તે એના આત્માની પાસે આપણે ભૂલ કરી છે એવું કબૂલ-એક્સેપ્ટ કરવું પડે. એટલે પ્રતિક્રમણ મોટું કરવું પડે.

**પ્રશ્નકર્તા :** સામો માણસ આપણું અપમાન કરે તો પણ આપણે તેનું પ્રતિક્રમણ કરવાનું ?

**દાદાશ્રી :** અપમાન કરે તો જ પ્રતિક્રમણ કરવાનું, આપણને માન આપે ત્યારે નહીં કરવાનું. પ્રતિક્રમણ કરીએ એટલે સામા પર દ્વેષભાવ તો થાય જ નહીં. ઉપરથી એની પર સારી અસર થાય. આપણી જોડે દ્વેષભાવ ના થાય એ તો જાણે પહેલું સ્ટેપ, પણ પછી એને ખબર પણ પહોંચે છે.

**પ્રશ્નકર્તા :** એના આત્માને પહોંચે ખરું ?

**દાદાશ્રી :** હા, જરૂર પહોંચે. પછી એ આત્મા એના પુદ્‌ગલને પણ ધકેલે છે કે 'ભઈ, ફોન આવ્યો તારો.' આપણું આ પ્રતિક્રમણ છે તે અતિક્રમણ ઉપરનું છે, ક્રમણ ઉપર નથી.

**પ્રશ્નકર્તા :** પૂર્વજન્મના ઋણાનુબંધમાંથી છૂટવા માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** આપણે જેની જોડે પૂર્વનું ઋણાનુબંધ હોય અને તે આપણને ગમતું જ ન હોય, એની જોડે સહવાસ ન જ ગમતો હોય અને સહવાસમાં રહેવું જ પડતું હોય ફરજિયાત, તો શું કરવું જોઈએ ? બહારનો વ્યવહાર એની જોડે રાખવો જોઈએ ખરો પણ અંદર એના નામના પ્રતિક્રમણ કરવા જોઈએ. કારણ કે આપણે આગલા અવતારમાં અતિક્રમણ કરેલું હતું, તેનું આ પરિણામ છે. કૉઝિઝ શું કર્યા હતા ? તો કહે, અતિક્રમણ કર્યું હતું એની જોડે પૂર્વભવમાં, તેનું આ ભવમાં ફળ આવ્યું. એટલે એનું પ્રતિક્રમણ કરીએ તો એ પ્લસ-માઈનસ થઈ જાય. એટલે અંદર એની તમે માફી માંગી લો, માફી માંગ માંગ કર્યા કરો કે મેં જે દોષ કર્યા હોય તેની માફી માંગું છું. કોઈ પણ ભગવાનની સાક્ષીએ માફી માંગો, તો બધું ખલાસ થઈ જશે. નહીં તો પછી શું થાય છે, એના તરફ બહુ દોષિત જોવાથી, કોઈ પુરુષને સ્ત્રી બહુ દોષિત જો જો કરે એટલે તિરસ્કાર વધે અને તિરસ્કાર છૂટે એટલે ભય લાગે. જેનો આપણને તિરસ્કાર હોય ને, તેનો ભય લાગશે તમને. એ દેખો કે તમને ગભરામણ થાય, એટલે જાણીએ કે આ તિરસ્કાર છે. એટલે તિરસ્કાર છોડવા માટે આપણે અંદર માફી માંગ માંગ કરો. બે જ દહાડામાં એ તિરસ્કાર બંધ થઈ જશે. એ ના જાણે, તમે અંદર માફી માંગ માંગ કરો એના નામની, એના તરફ જે જે દોષો કર્યા હોય, એની ભગવાન હું ક્ષમા માગું છું. આ દોષનું જ પરિણામ છે મને. કોઈ પણ માણસ જોડે જે જે દોષ કર્યા હોય, અંદર તમે ભગવાન પાસે માફી માંગ માંગ કરો તો બધું ધોવાઈ જશે.

**પ્રશ્નકર્તા :** ઘણા પ્રતિક્રમણો કરવા પડે ?

**દાદાશ્રી :** જેટલું સ્પીડમાં આપણે મકાન બાંધવું હોય એટલા કડિયા આપણે વધારવાના. એવું છે ને, કે આ બહારના લોકો જોડે પ્રતિક્રમણ નહીં થાય તો ચાલશે, પણ આપણી આજુબાજુના ને નજીકના, ઘરના છે, એમના પ્રતિક્રમણ વધારે કરવા. ઘરના માટે મનમાં ભાવ રાખવા કે મારી જોડે જન્મ્યા છે, જોડે રહે છે, તે કો'ક દહાડો આ મોક્ષમાર્ગ ઉપર આવે.

ધણી-ધણીયાણીમાંય જો એક ફાડ ફાડ કરતું હોય તો બીજાએ સાંધી લેવું, તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે. આ અક્રમ વિજ્ઞાન તો જુઓ ! વાઈફ જોડે તો ઝઘડા નહીં, પણ આખા જગત જોડે ઝઘડા બંધ થઈ જાય. આ વિજ્ઞાન જ એવું છે ! અને ઝઘડા બંધ થાય એટલે છૂટ્યો.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### પુણે

**૧૩-૧૪ માર્ચ** (શુક્ર-શનિ) સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૧૫ માર્ચ** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** એક્ઝિબિશન ગ્રાઉન્ડ AISSMS, RTO ઓફિસની પાસે, કેનેડી રોડ, પુણે. **સંપર્ક :** 7875740566

### અડાલજ

**૧૯ માર્ચ** (ગુરુ) - **પૂજ્ય નીરુમાની ૨૦મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

**Atmagnani Pujya Deepakbhai's UK - Germany Satsang Schedule - 2026**

| Date | Day | From | to | Event | Venue |
|---|---|---|---|---|---|
| 25-Mar-26 | Wed | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Ramgarhia Community Centre, Ulverscroft Road, **Leicester**, LE4 6BY |
| 26-Mar-26 | Thu | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 27-Mar-26 | Fri | 7:00 PM | 10:00 PM | **GNAN VIDHI** | |
| 28-Mar-26<br>01-Apr-26 | Wed<br>Sun | All Days | | **Satasang - GNAN VIDHI**<br>Prior Registration Required | Scotland - Glasgow<br>(For UK Mahatmas Only) |
| 03-Apr-26 | Fri | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD. |
| 04-Apr-26 | Sat | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 04-Apr-26 | | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 05-Apr-26 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 05-Apr-26 | | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 06-Apr-26 | Mon | 7:30 AM | 10:00 PM | Pujyashree Satasang | |
| 08-Apr-26<br>12-Apr-26 | Wed<br>Sun | All Days | | **UK Shibir**<br>Prior Registration Required | Weston-Super-Mare |
| 17-Apr-26<br>21-Apr-26 | Fri<br>Tue | All Days | | **Akram Vignan Event**<br>Prior Registration Required | Willingen - Germany |


**'દાદાવાણી' માસિકની માહિતી** - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. **પ્રકાશનનું સ્થળ :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૨. **પ્રકાશનનો સમય :** માસિક

૩. **મુદ્રકનું નામ :** અંબા મલ્ટિપ્રિન્ટ, **રાષ્ટ્રીયતા :** ભારતીય
**સરનામું :** એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ-પ્રતાપપુરા રોડ, છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯

૪. **પ્રકાશકનું નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય
**સરનામું :** સીમંધર સીટી, મુ.પો.-અડાલજ, તા.-જિ. : ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧

૫. **તંત્રીનું નામ :** ડિમ્પલ મહેતા **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

૬. **માલિકોના નામ :** મહાવિદેહ ફાઉન્ડેશન **રાષ્ટ્રીયતા :** ભારતીય **સરનામું :** ઉપર મુજબ. (નં-૪ પ્રમાણે)

હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૨૬, અડાલજ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા
(પ્રકાશકની સહી)

## વેરાવળ : ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ : તા.૧૩ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬



માર્ચ ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૭
સળંગ અંક-૩૬૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## ફેમિલી લાઈફ કેવી હોવી જોઈએ ?

જીવન જીવવાનું સારું ક્યારે લાગે? આખો દહાડો ઉપાધિ ના લાગે, શાંતિમાં જાય. આ તો ઘરમાં ડખાડખ થાય એટલે જીવન જીવવાનું શી રીતે ફાવે તે ? આ તો પોષાય જ નહીં ને ! ઘરમાં ડખાડખ હોય નહીં. પાડોશી જોડે થાય વખતે, બહારના જોડે થાય, પણ ઘરમાંય ? ઘરમાં ફેમિલી તરીકે લાઈફ જીવવી જોઈએ. ફેમિલી લાઈફ કેવી હોય ? ઘરમાં પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ ઊભરાતો હોય! આ તો ફેમિલી લાઈફ જ ક્યાં છે ? દાળ ખારી થઈ તો કકળાટ કરી મેલે. અંડરડેવલપ્ડ પ્રજા ! ડેવલપ્ડ કેવા હોય કે દાળ ખારી થઈ તો બાજુએ મૂકી દે અને બીજું બધું જમી લે. દાળ બાજુએ મૂકીને બીજું જમાય નહીં ? માય ફેમિલીનો અર્થ શું ? ભાંજગડ નહીં કોઈ જાતની. પોતાની ફેમિલીની અંદર એડજસ્ટ થતાં આવડવું જોઈએ. એડજસ્ટ એવરીવ્હેર !

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, બેઝ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.